**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫-૦૦** આજીવન **૨૫૧**-૦૦

વિદેશમાં વાર્ષિક રૂા. ૩૦૦-૦૦ (વિમાનથી) આજીવન ૩૦૦૦-૦૦

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી–સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧. ફોન : **૨૫૬૫૮૧૧, ૨૫૬૦૬૪૯**
- ADHYATMA Email Address : adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Ma from Website “SWARGAROHAN.ORG”
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રી ગોરધનભાઇ કલોલા અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન ભરતકુમાર ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર–૧.

### ★ લેખકોને નિમંત્રણ ★

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### ★ અધ્યાત્મ અંગે સૂચનો ★

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| અભિનંદનીય સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૪ |
| અલખની આભારવંદના | ડો. પ્રકાશ ગજ્જર | ૧૧ |
| માતૃ–વંદના | મા સર્વેશ્વરી | ૧૭ |
| સંત જનની મા જ્યોતિર્મયી | નારાયણ હ. જાની | ૧૮ |
| પૂજ્ય યોગેશ્વરજીદ્વારા તુલસીકૃત રામચરિતમાનસનું રસદર્શન–૫ | નિર્ભયરામ કા. વૈષ્ણવ | ૩૬ |
| પરમાત્મા સાથેનું અનુસંધાન | ઉન્મેશભાઇ મહેતા | ૪૧ |
| શ્રી શ્રી મા શારદાદેવી ભાવિની તૈયારી–(૫) | પ્રો. અરુણિકા મનોજ દરૂ | ૪૭ |
| પુરુષોત્તમયોગ | શ્રી યોગેશ્વરજી | ૫૬ |
| રસેશ્વરી | શ્રી યોગેશ્વરજી | ૬૧ |


### ● ભક્તિસુધા ●

**(મહારાજશ્રી નથુરામશર્મા)**

જો નેણાંમાં પ્રભુ વસે, મનમાં જો પ્રભુવાસ;
મનનેણાં દરવે સદા, જગથી થઇ ઉદાસ. ૨૧
સૌ પંથોથી ભિન્ન આ, પ્રેમપંથ અભિરામ;
આ મારગમાં વિચરતાં, મળે પ્રભુનું ધામ. ૨૨
મનમાં જો આતુરતા, પ્રભુદર્શનની થાય;
શમે રાગદ્વેષાદિ સૌ, દેહભાન ભૂલાય. ૨૩
અન્યની વાત ન સાંભળે, કહે ન અન્યને વાત;
પ્રભુના દિવ્ય સ્વરૂપમાં, મગ્ન રહે દિનરાત. ૨૪
તન–ઘરની મમતા ત્યજી, છોડી સૌ જગપ્રીત;
રાતદિવસ ગાયા કરે, પ્રભુનાં નિર્મલ ગીત. ૨૫

# ❁ અભિનંદનીય સહાય ❁

પરમ પૂજ્ય શ્રી ગુરુદેવ પ્રભુ,
પ્રણામ હો, પ્રણામ હો, પ્રણામ હો.

આપના પુનિત સ્પર્શે વિદેશની ધરતી ઉપર કેનેડા–ટોરન્ટોમાં ૧૯૮૧ ના ડીસેમ્બરમાં શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્રનો પ્રાદુર્ભાવ થયો.

મા સર્વેશ્વરીની નિયમિત થતી વિદેશયાત્રાથી શ્રી યોગેશ્વર યુવા કેન્દ્ર પણ પ્રારંભ પામ્યું.

આપે અમને જગાડ્યા, વ્યસન મુક્ત કર્યા, પવિત્ર પંથે પગલા ભરતા થયા અને શ્રી સુરેશ-ભાઈ શાહના અતિનિયમિત પ્રયત્નોથી અને શિસ્તના પાઠ શીખતા સત્સંગ સુખ પામ્યા.

આપનું સ્થાપેલું ‘અધ્યાત્મ’ માસિક અમને ૨૫ વરસથી આ સુખ ધરતું રહ્યું છે.

એવા અનંત ઉપકારોનું સ્મરણ કરતાં કરતાં અમે આ અંક આપના તીર્થચરણે અર્પણ કરતાં ધન્યતા અનુભવીએ છીએ.

—શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્ર
શ્રી યોગેશ્વર યુવા કેન્દ્ર
ટોરન્ટો, કેનેડા.



**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**
—મા સર્વેશ્વરી

વર્ષ : ૨૭ ઓક્ટોબર–૨૦૦૫ અંક ૧

# શ્રી યોગેશ્વર કથામૃત

—મા સર્વેશ્વરી

**તા. ૧૭–૧૧–૮૧ મંગળવાર, કારતક વદ છઠ,**
**વિ. સં. ૨૦૩૮, સ્થળ : સાન્ફ્રાન્સીસકો, અમેરિકા.**

સવારે છ પછી પૂ. શ્રી સ્નાન માટે ઓરડાની બહાર નીકળે છે. બાથરૂમમાં પૂ. શ્રી માટે ગરમ ને ઠંડા પાણીના ભરેલા સાધનો આશાએ તૈયાર રાખ્યા હતા. વળી પૂ. શ્રીના બધા જ કપડાં દરરોજ આશાને ધોવા મળે એવી વિનંતિ આશાએ સર્વેશ્વરી પાસે કરી. આશા શરમાળ, સંકોચશીલ, પ્રેમાળ ને નમ્ર છે. જેથી પૂ. શ્રીને જે વિનંતિ કરવાની હોય તે વિનંતિ તે છોકરી સર્વેશ્વરીને કરે! પૂ. શ્રીએ આશાના પ્રેમભાવ સામે પોતાના ધોવાના કપડાંની સેવા આપવાનું સ્વીકાર્યું. પૂ. શ્રી સ્નાન બાદ વ્યાયામ કરી લેખનકાર્ય કરે છે. તે પહેલાં જે મંત્રજપ થોડા બાકી છે તે પૂરા કરે છે. રાત્રે ૧:૦૦ વાગ્યાથી પૂ. શ્રીએ જપ કર્યા હતા. ચાલુ લેખનકાર્યે પૂ. શ્રી દૂધ પી લે છે. સર્વેશ્વરી પણ મંત્રજપ કરી દૂધ પી લે છે. પછી ડાયરીનું લેખન કરે છે.

અગિયાર વાગ્યે સર્વેશ્વરી પૂ. શ્રીના ભોજનની તૈયારી માટે યજમાન પરિવારના રસોડામાં જાય છે. આજે ખીચડી ને શાકનું ભોજન તૈયાર થયું છે. પૂ. શ્રી માટે નવા જ વાસણોનો એક સેટ રસોડામાં રસોઇ માટે તૈયાર હતો! વળી રસોડામાં બધા ડબ્બાઓ ઉપર નજર નાંખતા વંચાય છે, 'મા—પ્રભુ માટે દૂધનો મસાલો' વળી એક ડબ્બા ઉપર વંચાય છે, 'પાપડ—મહાત્માજી માટેના!' મસાલો ને પાપડ યજમાન પરિવારની મુખ્ય વ્યક્તિઓ એટલે કે આશાની માતાએ ખાસ પોતાના હાથે તૈયાર કર્યા છે.

પૂ. શ્રી સાડા અગિયારે યજમાન પરિવારના બેઠક રૂમમાં આવે છે. શ્રી હીરાભાઇ, એમનાં પત્ની, શ્રી ઈશ્વરભાઇ, શ્રી ભગવાનજીભાઇ, નિવેદીતા અને ઘરના સૌ પૂ. શ્રીને પ્રણામ કરે છે. પૂ. શ્રી આવે છે ત્યાં જ શ્રી હીરાભાઇ પૂ. શ્રીને પૂછે છે :

પ્રશ્ન : આજે સ્થળ બદલાયું છે તો ત્યાંના જેવી ઉંઘ આવી કે પછી નિદ્રા ન આવી?

પૂ. શ્રી એ દરમ્યાન બેઠક ઉપર બેઠા છે. શ્રી હીરાભાઇના જવાબમાં પૂ. શ્રી ગંભીર ચિંતનની વાતોમાં ઉતરી જતાં કહે છે :

અકલ કલા ખેલત નર જ્ઞાની

જૈસે નાવ ફિરે ચારો દીસ

ધ્રુવ તારા પર રહત નિશાના.

ગુરુ નાનકે ગાયુ, પ્રભુ તરફ નિશાન! સ્થળ ફરે, પણ મન ન ફરે. આ શરીર હોલીવુડમાં ફરે કે હિમાલયમાં ફરે પણ મન ન ફરે. મન પ્રભુમાં જ. આજે હમણાં ધ્યાનમાં બેસીને જ આવ્યો ને રાત્રે ૧:૦૦ વાગ્યે ઊઠીને ૩:૦૦ વાગ્યા સુધી જપ કર્યા હતા. તમારું મન તો જપમાં રહે છે ને? કે કોઇ વાર હીરાના વેપારમાં જાય છે?



શ્રી હીરાભાઇ: જૂઠુ નથી કહેતો. કોઇક વાર મન ત્યાં પણ પહોંચી જાય ને હીરાની ખરીદી કરવાની ઇચ્છા પણ થઇ આવે.

પૂ. શ્રી : હવે આત્મારૂપી હીરામાં જ મન લગાડો. જપમાં મન સ્થિર કરો. ધીરે ધીરે અભ્યાસ થઇ જશે. હવે આશા ભજન સંભળાવશે.

પૂ. શ્રીની આ ઓચિંતી આજ્ઞાથી આશાએ આશ્ચર્યથી સંકોચ અનુભવતા એક પોતાનું ભાવભર્યુ. ગીત ગાયું. ગુરુ-દેવના આગમનથી જીવનમાં ઉષા પ્રગટી, પ્રકાશ ફેલાયો, એવો ભાવ એ ગીતનો હતો. ત્યાં વળી પૂ. શ્રીએ પાસે મુકાયેલા ટેબલના ખાનામાં નજર ફેરવી તો જૂના 'અધ્યાત્મ'ના અંકો દેખાયા. પહેલો જ અંક ખોલતાં જ જે ગીત હતું તે પૂ. શ્રી ગાવા લાગ્યા, જેના શબ્દો હતાં—'પૂજુ પ્રભાતે તમને ધૂપદીપ હારે...'

મસ્તીમાં આવીને પ્રભાતે ને તમને શબ્દને ઘણી ઘણી રીતે ઘણી વાર ગાઇને આખું ગીત રસભરી રીતે સંભળાવે છે. વળી 'જીવન તમારા મિલને મધુરુ બની ગયું છે...' એ ભજન પણ ખૂબ જ પ્રેમથી ગાય છે. ભજન પૂરુ થતાં 'અધ્યાત્મ'ના એક અંકમાં સર્વેશ્વરીનું ભજન જોયું તેથી સર્વેશ્વરીને એ ભજન ગાવાની સૂચના આપે છે. જેથી સર્વેશ્વરી 'આવ મારા શ્યામ તને બોલાવું....' ભજન ગાય છે. ચાલુ ભજને જ પૂ. શ્રીએ કહ્યું, 'એ ભજન ક્યારે લખાયું તે કહી શકશો?' એટલે સર્વેશ્વરી વિગતવાર વાતો કરે છે.

પૂ. શ્રી : આ કૃતિ સારા સાહિત્યમાં સ્થાન પામે એવી છે. હું સારું હોય તો જ કહું છું.

ઘડિયાળમાં એક વાગી ગયો. ભોજન માટે તૈયારી થઇ

ગઈ. ભોજન લઈ લીધું. ક્યાં? પૂ. શ્રીના ઉતારાના ઓરડામાં જ એક ચાદર કારપેટ ઉપર પાથરવામાં આવી. ભોજનના પદાર્થો મૂકી દીધા. ભોજન લીધું, ભોજન બાદ આરામ. સર્વેશ્વરી ભોજન બાદ ડાયરીના એક દિવસની નોંધ વાંચી સંભળાવે છે.

અમેરિકામાં નોકરી કરનાર પતિપત્ની પોતાના બાળકને સાચવવા બીજાને સોંપે. તેને અઠવાડીયે ૪૦ કે ૫૦ ડોલર આપવામાં આવે છે. આ પરિવારમાં પણ અમદાવાદના એક બ્રાહ્મણ પરિવારનું બાળક સવારથી સાંજ સુધી રહે છે. એટલે ઘેર બેઠા એક નાનકડી આવક મળી રહે છે. વળી શાળામાં જતાં બાળકોને વેકેશન પડે એટલે શાળા જ તેમને ત્રણ માસના વેકેશન દરમ્યાન નોકરી શોધી આપે. જેથી બાળક પણ કોઈના ઉપર આધાર ન રાખે. આ પરિવારની હોટલ છે, જેના ઘણા ઓરડાઓ ૧–૧ માસના ભાડૂતને આપી દીધા છે. વળી એક ભાડૂત તો ૭ વરસથી રહે છે. એટલે મોટલ જેવું કામ અહીં રહેતું નથી. પરિણામે થોડું બીજું કામ પણ કરી શકાય. અમેરિકાના આજ રાજ્યમાં મફત શિક્ષણ છે. ભૌતિક સુખસગવડ ને નોકરીની કે આજિવિકાની ચિંતા અહીં ખાસ રહેતી નથી.

પૂ. શ્રીએ સાંજે ફરી લેખનકાર્ય ચાલુ કર્યું. સર્વેશ્વરીએ પણ નોંધ કરી. આશાએ એક આલબમ પણ બનાવ્યું છે. જેમાં સર્વેશ્વરીના ૧૯૭૮ થી લખાયેલા આશા ઉપરના પત્રો ને ફોટાઓ મૂક્યા છે. સર્વેશ્વરીએ ૧૯૭૯ માં ૨૬–૧૧–૭૯ ના રોજ રાજીનામું આપ્યું એનો પણ ઉલ્લેખ છે. તો પૂ. શ્રીની માંદગી પછી એટલે કે ૮, નવેમ્બર પછી તા. ૧૨–૨–૮૦ ના રોજ કપૂરા જાય છે એ વાત પણ જાણવા મળી. પૂ. શ્રીએ એ આલબમ જોઈને કહ્યું, ‘આવા સંગ્રહ તો ભાગ્યે કોઈએ કર્યો છે. ભક્તિભાવ છે ને!’



આજે ધ્યાનની બેઠક ૫:૪૫ થી ૬:૩૦ સુધી થઈ. ધ્યાનની બેઠક બાદ ‘અધર્મ જ્યારે પ્રસરે ધરામાં....’ ને ક્ષમાપન સ્તોત્ર બોલવામાં આવ્યાં. સૌએ પ્રણામ કરી વિદાય લીધી. પૂ. શ્રી પોતાની બેઠક ઉપરથી ઉભા થયા ને મુખમાંથી ધૂનના શબ્દો સંભળાતા હતા. નવી જ ધૂન ગાવા લાગ્યા.

રામ રાઘવ હરે, કૃષ્ણ કનૈયા હરે,
રઘુનંદન હરે, ગોવિંદ ગોપાલ હરે.

ધૂન નવી જ હતી ને સરસ હતી. કોઈક વાર પૂ. શ્રી ગાતા સાંભળવા મળે. આજે સમયસર પ્રવચનમાં જવાનું બન્યું. પ્રવચન પછી દૂધ પીવું ને આરામ. હરિઃ ૐ

**તા. ૧૮–૧૧–૮૧ બુધવાર, કારતક વદ સાતમ,**
**વિ. સં. ૨૦૩૮, સ્થળ : સાન્ફ્રાન્સીસકો, અમેરિકા.**

આજે પૂ. શ્રી સમયસર સ્નાન કરી લે છે. વ્યાયામ, મંત્રજપ બાદ લેખનકાર્ય ચાલુ થાય છે. ચાલુ લેખનકાર્યે પૂ. શ્રી દૂધ લે છે. લેખનકાર્ય બાદ થોડો આરામ કરે છે.

સવારે સાડા અગિયારે થોડો સત્સંગ થાય છે. આજે ભોજન માટે જલ્દી બેસવાનું છે. એ અંગે પૂ. શ્રીએ કહ્યું, ‘અમે તો હમેશા બેઠેલા જ હોઈએ. આત્મામાં કાયમ બેઠા જ હોઈએ. બહારથી બેસવાનું જુદુ.’

નાની વાતોમાં પણ ચિંતનાત્મક વાતો ચાલુ થઈ જાય છે. એક ગાયત્રીના ઉપાસકે પૂ. શ્રીને એક પ્રશ્ન પૂછ્યો. પૂ. શ્રીએ તેનો મંત્ર ખીચડી જેવો છે, એમ કહી તેને માર્ગદર્શન આપ્યું.

આજે ભોજન ભાત, શાક, સુખડીનું લીધું. પૂ. શ્રીના ઓરડામાં પલંગ પાસે નીચે ચાદર પાથરીને બેસી જવાનું બને છે. ભોજન બાદ સાન્ફ્રાન્સીસકો શહેર જોવા જવાનો કાર્યક્રમ છે. બે ગાડી જાય છે. એકમાં પૂ. શ્રી, સર્વેશ્વરી, આશા,

ઈશ્વરભાઈ ને ભરતભાઈ છે. બીજી ગાડીમાં ભગવાનજીભાઈ, નિવેદીતા, દીપભાઈ ને તેમનાં પત્ની છે. ગાડી ૧૫ મિનિટ ચાલી ત્યાં એક ટેકરીનું સ્થાન આવ્યું. વળાંકવાળા ગોળ રસ્તાઓ હતા. એ ટેકરી ઉપર ગાડી ઉભી રહી, ત્યાં ઉતર્યા. ત્યાંથી આખું સાન્ફ્રાન્સીસકો નગર અને દરિયો દેખાતા હતા. દૃશ્ય સરસ હતું. આશાએ ત્યાં ફોટા લીધા. ત્યાંથી 'ગોલ્ડન ગેટ બ્રીજ' જોવા ગયા. દરિયા ઉપર દોઢ માઇલ લાંબો પૂલ બે જ થાંભલા ઉપર છે! બે હજાર માઇલનો રસ્તો થાય તેટલા વાયર તેમાં વપરાયા છે. એમાં પંદર હજાર ટન લોખંડ વપરાયું છે. પૂલની પાસે પણ ગયા. અહીં ઘણા ચીની મુસાફરો જોવા મળ્યા.

પૂ. શ્રીએ માતાજીનું સ્મરણ કરી કહ્યું, 'ત્રણ વરસ ઉપર અમે અહીં સ્ટોકસ્ટન શહેરથી આવેલા. આ પૂલ ઉપર માતાજી-થી ન ચલાય એટલે થોડું બેઠા હતાં. અમે થોડું પૂલ પર ફરવા પણ ગયેલા ત્યારે મેં ધીરુભાઈને કહેલું કે મા સર્વેશ્વરી અમેરિકા આવે તો આ દૃશ્ય એમને ખૂબ ગમે. તેઓ અમેરિકા આવે એવું ઈચ્છું છું. ને એ વાત આજે સાચી પડી. ફેર એટલો કે અહીં ધીરુભાઈ નથી, માતાજી પણ નથી.'

પૂલ જોઈને આ શહેરમાં એક વાંકીચૂકી શેરી છે જેના ખૂબ ગોળાકાર વાંકાચૂકા ફૂલોથી ભરેલા રસ્તા ઉપર ગાડીમાં જઈ શકાય છે. જાણે ગાડી સરકતી હોય એવો તે ગોળ લપસણી જેવો માર્ગ છે, ત્યાં જવાનું બન્યું.

ગોલ્ડન બ્રીજ ઉપરથી દરિયામાં એક ટાપુ છે. ત્યાં રાજદ્વારી કેદીઓને રાખવામાં આવતા. આસપાસ બહુ જ ઠંડુ પાણી છે. હવે ત્યાં મુલાકાતીઓ જઈ શકે છે. ગોલ્ડન બ્રીજ લાલ રંગના બે થાંભલાવાળો પૂલ છે.



અહીં ચીની પ્રજાની પણ ખૂબ વસતી છે. 'ચાઈના બજાર' પણ છે. ત્યાં ચીની પ્રજાની જ દુકાનો છે. ત્યાંથી ઉતારો નજીક જણાય છે. ઉતારા પર આવી પૂ. શ્રીએ આરામ કર્યો. સર્વેશ્વરી થોડા સમય માટે બજારમાં જાય છે. ઇંગ્લેન્ડ, કેનેડા ને અમે-રિકાની સરખામણીમાં ઇંગ્લેન્ડમાં સારી વસ્તુઓ મળે એવું જણાય છે.

આજે ધ્યાનની બેઠક ૬:૦૦ થી ૬:૩૦ થઈ. તે પહેલાં લીટલરોક તરફ જવા અંગેની વાતોની ચર્ચા થઈ.

આજે પ્રવચન સમયસર શરૂ થયું. પ્રવચનની મૂવી ફિલ્મ શ્રી હીરાભાઈએ ઉતારી. પ્રવચન બાદ શ્રી કંચનબેન સાથે ફોન પર વાતો થઈ. 'જલ્દી આવો' એવી વાતો તેમણે કરી.

પૂ. શ્રીએ દૂધ પીને આરામ કર્યો. સર્વેશ્વરી થોડી વાર આશા સાથે વાતો કરીને આરામ કરે છે. આજે ખાસ નોંધવા યોગ્ય વાતો ન હતી. હરિઃ ૐ

(ક્રમશઃ)

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪

# અલખની આભારવંદના

ડો. પ્રકાશ ગજ્જર

છેક બાળપણથી મને 'સાચા' પુરુષોને મળવાનો ઊંડો શોખ. ગતજન્મના એવા સંસ્કારો હશે. 'સાચા' આત્માઓ બહુ ગમે. પણ છાપેલાં કાટલાં ને મોટાં નામવાળા બધા મને આકર્ષી ના શકે. ક્યાંક મોટાં નામોના ઢગલામાં સાચો હીરો મળી પણ જાય. ગુરુદયાળ મલ્લિકજી આવા જ એક હીરક હતા. સાવ સાચ્ચા પુરુષ. એટલી નાની વયે પણ મને દેખાતું હતું કે પરમાત્મા એમનામાં પ્રગટ થયા હતા. એમની સાધના, પ્રાર્થના અને મંત્ર વિષે પૂછતાં એમણે મને જે જવાબ આપેલો એ મારા જીવનનું નગદ નાણું બની ગયો છે.

"તેરો શુકર હજાર બાર." અય પરવરદિગાર! તારો અનેક વખત આભાર. એમના આ શબ્દો મારા હૈયે વસી ગયા છે. મારા જીવનદર્શન વિષે મને કોઈ પૂછે તો હું આ જ જવાબ આપું : "તેરો શુકર હજાર બાર." પછી તો મેં એમાં થોડા શબ્દો ઉમેર્યા ને એક નવું ભજન આલેખાઈ ગયું. "તૂને તો દી યે ઝિન્દગી...તૂને સિખાઈ બન્દગી...તેરો શુકર હજાર બાર." આપણા માટે એ કેટલી આનંદની વાત છે કે જે સર્જનહાર જિંદગી સર્જે છે એ જ પાછો બંદગીની પ્રેરણા ને વાતાવરણ પણ આપે છે!

"અંધેરા ભી તૂને દિયા...દિયા જલાના સિખા દિયા... તેરો શુકર હજાર બાર." થોડો જ વિચાર કરતાં આ કડીના ભાવનું મહત્ત્વ સમજાશે. સંજોગોનાં અંધારા જો પરવર-



દિગારની પેદાશ છે તો દીપજ્યોતિદ્વારા પણ એની જ પ્રેરણા પ્રકાશે છે.

મારા મિત્ર જસુભાઈએ મને દહાણુપાસે બોરડી ગામમાં દરિયાકિનારે એક સરસ ફ્લેટની વ્યવસ્થા કરી આપી છે. મને જ્યારે પણ લાગે કે હું અતિશય બહિર્મુખ થઈ ગયો છું, ત્યારે પોતાની જાત સાથે રહેવા માટે હું અમારા આ અંગત વિહાર-ધામમાં ચાલ્યો જાઉં, કોઈની સાથે કશું બોલવાનું નહીં. મૌનના મહાસાગરમાં તલ્લીન રહેવાનું. દરિયાકિનારે સવારે ને સાંજે અચૂક જવાનું. સામે મોજાં લહેરાતાં હોય, ક્ષિતિજ સુધીમાં બેચાર નૌકાઓ દેખાતી હોય, ઉપર વિરાટ્ આકાશ. આપણે ભીની રેતમાં ઊભા રહી કે થોડે દૂર બેસી મોટેથી લલકારીએ : "તેરો શુકર હજાર બાર!" આ આભારવાણી ઝીલવા પરમાત્મા પ્રગટ થતા અનુભવાય.

મુંબઈ પાસેના વજેશ્વરી નજીક આવેલી પરશુરામ ગિરિ-માળામાં બે સ્વજનોના સહયોગથી ઘનઘોર જંગલમાં મેં એક નાનકડી કુટિયા બનાવેલી. ત્યાં જાઉં ત્યારે તો આભારને શબ્દોમાં વ્યક્ત કરવાની જરૂર જ ના પડે. રોમેરોમમાં રણકારા જાગે કે "પ્રભુ! તારી લીલા અપરંપાર..."

અને રાજસ્થાનની રણકંઠારમાં ધગધગતી રેતી વચ્ચે ઊભા રહીને પણ મેં આ અહાલેક જગાવ્યા છે, "તેરો શુકર હજાર બાર..." અંગત અનુભવોના અપાર ઢગલામાંથી આ બેચાર કણ મેં એટલા માટે પ્રગટ કર્યા છે કે કોઈ સહયાત્રીના હૈયામાં કદાચ આવી જ કૃતજ્ઞતાના ભાવો લહેરાવા લાગે. ઈશ્વર આપણને જે કાંઈ આપે છે, જ્યાં પણ ઊભા રાખે છે કે બેસાડી દે છે અથવા તો દોડાવે છે અથવા પછાડી નાંખે છે, ત્યારે એનું

કોઈ ચોક્કસ આયોજન હોય છે. આપણને એનો ખ્યાલ નથી હોતો એ વાત જુદી છે.

મારા એક મિત્ર તમામ રીતે ખલાસ થઈ ગયા ત્યારે હું એમને મળવા ગયેલો. પણ એ કહે : ''હજુ બધું લૂંટાઈ ગયું નથી. હજુ સૂરજ ઊગે છે. રોજ રાત વીતે છે. ગમે એવાં ઘનઘોર અંધારાં હોય તોય એ ઓગળી જાય છે.''

કમાલ! એક અભણ માણસ આ કેવી ગજબની વાણી બોલતો હતો! શ્રદ્ધાની વાણી કેવાં અજબ રૂપ ધરીને આવતી હતી. ઉપર ઉપરથી જોતાં હું ઠીક ઠીક ભણેલોગણેલો ગણાઉં. પણ મિત્ર જાણે મારી જ અંતરવાણી બોલી રહ્યા હતા. મારા જ શબ્દો, મારી જ લઢણ, મારો જ આશાવાદ અને કૃતજ્ઞતાથી છલકાતું મારું જ સનાતન હૃદયસંગીત! ગજબ રે ગજબ!

બધું જ સમુંસૂતરું ચાલતું હોય ત્યારે 'તેરો શુકર હજાર બાર' ગાતાં ગાતાં આનંદ—નૃત્ય કરવાનું પ્રમાણમાં સહેલું છે. પણ વંટોળિયા વકરેલા હોય, વીજળીઓ ઊંધા માથે જીવન-ભોમકા ઉપર ત્રાટકતી હોય અને કોઈ દિશા ના સૂઝતી હોય ત્યારે પણ પરમાત્માનો આભાર માનવા જેટલો ઉમળકો જાગે એ તો બડી બાત કહેવાય. તેરો શુકર હજાર બાર!

મારી પાસે વહેવારિક—મનોવૈજ્ઞાનિક માર્ગદર્શન માટે આવનારની મોટી ફરિયાદ એ હોય છે કે સંજોગો બહુ ખરાબ થઈ ગયા છે ને ચેન પડતું નથી. આવા જીવોને હું એમ કહું કે ''સંજોગો વણસ્યા છે એના કરતાં વધારે વણસ્યા નથી, એ માટે ઈશ્વરનો આભાર માનો.'' મોટા ભાગે મારી આ સાદી સલાહ કામ આવી જાય છે. લાખ ગુમાવનારે ઈશ્વરનો આભાર એટલા માટે માનવાનો કે સવા લાખ તો નથી ગુમાવ્યા ને! ખાંસીવાળા-



એ એટલા માટે ખુશ થવું કે ટી. બી.માંથી બચી ગયા છીએ. અહોહો! હર હાલતમાં આભાર માનવાનું કેટલું સરળ છે!

મારા અતિશય કપરા સંઘર્ષકાળમાં મને 'અક્રમવિજ્ઞાન'-વાળા દાદાભગવાનની ફિલસૂફી ખૂબ જ ઉપયોગી થઈ હતી. હું એમને ચૈતન્યના ચોક્સી કહેતો. એ ચોક્સીની ચીવટ મને બહુ ગમતી. જો કે એમની પોણાકલાકમાં સાક્ષાત્કારવાળી વાત મારા મનમાં નહોતી ઊતરતી. પણ વ્યવહાર જગત વિષેની એમની આગવી સૂઝ મને ચોટ મારતી ને હું હળવો ફૂલ થઈ જતો. એ કહેતા : ''અલ્યા ભૂખ લાગવાનું કે ઊંઘ લાવવાનું યે તારા હાથમાં નથી. પૈડ મેલ ને!''

મારી પાસે એક પુરાતન પ્રાર્થનાપોથી છે. એમાંનું એક વિધાન મને ખૂબ જ ગમે છે. ''પરમાત્માનો આભાર માનો. એ પરમ મંગલમય છે.'' આ સંસારનાં વિચિત્ર ગોથાંફેલ્લાંમાં રાતદિવસ ગૂંચવાયેલા ને બાથોડિયાં મારનારા માયાવી જીવોના દિમાગમાં આ સલાહ ઉતારવાનું મુશ્કેલ છે, પણ અશક્ય નથી જ. એકવાર તો અંતરથી આભાર માની જુઓ! એના માંગલ્ય-ની મહેંકો છલકાવા લાગશે.

''યા ખૂનપસીના કરકે બહા, યા તાનકે ચાદર સોતા જા,
યહ નાવ તો બહતી જાયેગી : તૂ હસતા જા યા રોતા જા.''

કોઈ અજ્ઞાત કવિએ લખેલી આ સાદી લીટીઓને હું સતત યાદ રાખું છું ને વારંવાર દોહરાવું છું. રખે કોઈ માની લે કે આમાં નિષ્ક્રિયતાનો સંદેશ છે. મુદ્દો છે આપણી સમજણ કેળવવાનો. એની માંડણી ઉપર આપણે શાન્તિ, સમતા અને સંતોષનું ભવ્ય મંદિર નિર્મિત કરી શકીશું. આ સમજણ મારે મન સાચા અધ્યાત્મનો પાયો છે. સત્ય ને મોક્ષ ને એવી ચર્ચા-ઓનું કામ શું છે?

"સમર્પણ હી હૈ કર્ણાધાર...ડૂબકર હી પહુંચેંગે પાર." એક હિન્દી વિદૂષી કવિયિત્રી સુશ્રી મહાદેવી વર્માના આ શબ્દો મને બહુ ગમતા. સમર્પણભાવનાને એમાં ટોચ ઉપર મૂકવામાં આવી છે. પણ મારો ભાવુક તર્ક મને એનાથી જરા જુદા વિચારમાં લઈ જાય છે. સમર્પણની વાત સાચી. પણ 'પાર જવાનું' અને પાછું 'ડૂબવાનું' શા માટે? સામા તીરે નીકળાય તોય સારું ને અધવચ્ચે રહી પડાય તોય શું ખોટું? હવે તો મને એમ લાગે છે કે પાર જવાનું ક્યાંય છે જ નહીં. અત્યારે, આ પળે, જ્યાં છીએ ત્યાં, જે સ્થિતિમાં છીએ એમાં બધો અર્ક આવી ગયો. આ પળમાં એટલા તલ્લીન થઈ જઈએ કે ડૂબવા કે તરવાના વિચાર માટે અવકાશ જ ના રહે.

ત્રીસેક વરસ પહેલાં હું વડોદરા સ્ટેશને બેઠો હતો. ત્યાં એકાએક ગીતો—ભજનોની સરવાણી પ્રગટી. એકી બેઠકે સાડત્રીસ રચનાઓ કાગળ ઉપર આવી ગઈ! એમાંનું એક ગીત હતું : "તું લઈ જાને મઝધારે... ઓ નાવિક, મારે નાવ હવે નથી લેવી કોઈ કિનારે... મને લઈ જાને મઝધારે." પરમાત્માના આ વિરાટ્ બ્રહ્માંડસાગરમાં હવે સામા કિનારે જવાની વાત જ ક્યાં રહે છે? પ્રત્યેક ક્ષણ એક સાગર છે, પ્રત્યેક ક્ષણ એક કિનારો છે ને મઝધાર પણ છે બીજી વાત શું? વર્ણન શું?

માટે આપણે તો મધરાતે પણ પ્રત્યેક ક્ષણમાં સૂર્યોદય માણવો—સમજણનો સૂર્યોદય અને ઘોર અંધકારમાં પણ આભાર માનવો કે અંધારું છે એના કરતાં વધારે ઘટ્ટ નથી એ કેટલું સારું છે! માટે 'તેરો શુકર હજાર બાર.'



**"જય જય જય જ્યોતિર્મયી માતા વંદુ માત ભવાની."**

**મહાત્મા શ્રી યોગેશ્વરજી અને એમનાં પૂ. માતાજી જ્યોતિર્મયી**

નિર્વાણ : ૪—૧૦—૮૦ ભાવનગર.

## ❋ માતૃ—વંદના ❋

જય જય જય જ્યોતિર્મયી માતા
વંદુ માત ભવાની...

લાડકવાયા પુત્રરત્નને પ્રભુપંથે પધરાવ્યા,
ત્યાગ તમારો ધન્ય ગણીને દેવો પણ હરખાયા.
જય જય...

દેવપ્રયાગે પ્રભુની સાથે છાયા બની વિરાજ્યાં,
કષ્ટ સહ્યાં એકાંત પ્રદેશે શ્રદ્ધા દીપ પ્રગટાવ્યા.
જય જય...

વ્રત ઉપવાસ પ્રભુના આપે સમજણ થકી વધાવ્યા,
પ્રત્યક્ષ માતૃદેવ ગણીને પ્રભુએ પણ અપનાવ્યાં.
જય જય...

પુત્રરત્નને પ્રભુરૂપ માની પરમશાંતિ તમે પામ્યાં,
જીવનનું કલ્યાણ કરીને, ભવનાં બંધન ટાળ્યાં.
જય જય...

સેવાનું સદ્ભાગ્ય ધરીને સર્વેશ્વરીને સ્વીકાર્યાં,
અંતે કૃપા ઘણી વરસાવી આશિષ દઈ સિધાવ્યાં.
જય જય...

મનહર મંગલ માતૃઅંકમાં બાળસ્વરૂપે પધારી,
યોગેશ્વરપ્રભુ દર્શન દેજો વિનંતિ લેજો વધાવી.
જય જય...

કૃપાતણી વર્ષા વરસાવો પરમધામથી પ્રીતે,
સર્વેશ્વરીનો સાદ સુણી લો યોગની અવનવી રીતે.

**— મા સર્વેશ્વરી**



# સંત જનની મા જ્યોતિર્મયી

**નારાયણ હ. જાની**

[અમને આ વર્ષે કોણ જાણે કેમ એવું થયું કે પૂ. માતાજી જ્યોતિર્મયીના જીવનના પ્રભુપરાયણ પાસાંઓને વ્યક્ત કરતું ખાસ લખવું. હૃદયના એ ભાવ પાછળ પૂ. શ્રી ગુરુદેવ યોગેશ્વરજીની પ્રેરણા જ કામ કરી ગઈ છે, એવું આ લેખ પૂરો થતાં લાગ્યું.

પૂ. માતાજીએ અમને—અમારા આખા પરિવારને ખૂબ પ્રેમ કરેલો. એમના એ નિર્વ્યાજ પ્રેમનો બદલો તો શી રીતે વળાય? થયું કે લાવો એ માતાને એમના ગુણાનુવાદ ગાઈને શ્રાદ્ધપક્ષમાં અંજલિ ધરીએ. ભલે એ જ એ માતૃચરણે તર્પણ બની રહે.

આખા એક અંકને બદલે આ થોડા વિસ્તૃત લેખથી જ સંતોષ માન્યો છે. વાંચકોને તે ગમશે તો અમારો પરિશ્રમ સફળ લેખીશું. —તંત્રી]

### પ્રારંભની વાત

દર વર્ષે જેમ ઓગસ્ટ મહિનો આવતાં પરમ પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીની યાદ સહજ રીતે આવી જાય, તે જ રીતે ઓક્ટોબર મહિનો શરૂ થતાં જ પૂ. માતાજી જ્યોતિર્મયીની યાદ આવે. ૧૯૮૦ ની ૪ થી ઓક્ટોબર એમની પુણ્યતિથિ અને તેઓએ ભૌતિક વિદાય લીધી તે ધરતી પણ ભાવનગરની.

ધોળકા તાલુકાના સરોડા ગામમાં પૂ. માતાજી જન્મ્યાં. તેઓ-નું ગામડાનું નામ જડાવબેન, પરંતુ પૂ. મહાત્મા યોગેશ્વરજી જેવા એક સમર્થ સાક્ષાત્કારી સંતની જનેતા બનવાનું સૌભાગ્ય

પામીને તેઓ જડાવમાંથી સાચા જ અર્થમાં જ્યોતિર્મયી બન્યાં. અરે, પૂજ્યશ્રીએ જ તેઓને આ નામ આપેલું અને તે પણ ભાવનગરમાં.

પૂ. શ્રીના જીવનમાં પિતાના પ્રદાન કરતાં પૂ. માતાજીનું પ્રદાન જ ખૂબ વિશેષ રહ્યું છે. સાચા ત્યાગી પ્રભુપ્રેમી સંતની જનની બનવાનું સૌભાગ્ય ભગવાને એમને માટે નિર્મિત કરેલું છે, તેની કલ્પના પણ જ્યારે માત્ર ૨૬ વર્ષની વયે તેઓ વિધવા બન્યાં, ત્યારે કોઈનેય ક્યાંથી આવી શકે! સાંસારિક લોકોને અને ખાસ કરી પરિવારના લોકોને ત્યારે લાગ્યું કે આ જડાવનું ભાગ્ય લૂંટાયું. પણ જો એમ ન થયું હોત તો ભવિષ્ય-માં તેઓને મહાત્માજીના તપના સાક્ષી બનવાનું વિરલ ભાગ્ય પ્રભુ ધરવાના હતા, તે શી રીતે શક્ય બન્યું હોત? તેઓશ્રીના માતાનું નામ રૂખીબેન અને પિતાજીનું નામ ત્રિભુવનભાઈ વ્યાસ. માતા ખૂબ ભલાંભોળાં છતાં સંસારદક્ષ ને પ્રભુપ્રેમી. પોતાની માતાનો આ વારસો પૂ. માતાજીમાં ઉતર્યો.

પૂ. માતાજીનું ભણતર માત્ર પ્રાથમિક શાળાનું જ. થોડું લખતાંવાંચતા આવડે એટલું જ. વળી તે સમયના એટલે આજથી લગભગ એક સદી પહેલાના બ્રાહ્મણ સમાજમાં બાળલગ્નો થતાં. એ રીતે પૂ. માતાજીનું લગ્ન પણ ૧૫ વર્ષની વયે થયેલું સાંભળ્યું છે. પૂ. શ્રી તેઓનું પહેલું સંતાન. ત્યારે માતાજીની વય ૧૮ વર્ષની આસપાસની.

પૂ. માતાજીનું લગ્ન તે જ ગામના શ્રી મણિલાલ ભટ્ટ સાથે થયું. તે પરિવારનો વ્યવસાય ખેતીનો હતો. એટલે પૂ. માતાજીને નાની વયથી જ ઘરકામ ઉપરાંત, ખેતીવાડીમાં મદદરૂપ થવાનું કામ કરવું પડતું.



## કસોટીનો સમય

પૂ. માતાજીનાં સાસુ સાકૂબા વિધવા હતાં. તેમનો સ્વભાવ ક્રોધી ને જોરાવર હતો. જો કે શરીરે તે ખડતલ હતાં, સાથે નિર્ભીક પણ ખરાં. પોતાના એકના એક પુત્રનું આમ ભર-યુવાનીમાં મૃત્યુ થયું તેનાથી તેઓ થોડાં ભાંગી તો પડ્યાં, છતાં ખેતીનું બધું જ કામ—હળ અને કોસ ચલાવવા સુદ્ધાંનું પોતે હિંમતપૂર્વક ઉપાડી લીધું.

પોતાના પતિના અણધાર્યા અવસાનથી પૂ. માતાજીની સ્થિતિ કફોડી બની. ઘરનો ને ખેતીના કામનો ઘસરડો તો ઉપાડતાં, પરંતુ પરિવારનાં માણસોનાં મહેણાંટોણાં ખૂબ સાંભળવાં પડતાં. તેઓને અપશુકનિયાળ પગલાંની કહી—સાસુ અને નણંદો ભાંડતાં અને પરિતાપ આપતાં. આ દુઃખદ પરિસ્થિતિમાં પૂ. માતાજી માટે જીવવું અસહ્ય બની ગયું હતું. પરંતુ તેઓનું એક માત્ર આશ્વાસન બે સંતાનો પુત્ર ભાઈલાલ અને દીકરી તારા હતાં. આ અકળાવનારી પરિસ્થિતિ સર્જીને પ્રભુએ એમનામાં ભરયુવાનીમાં જ વૈરાગ્યનો ભાવ જગવ્યો હતો. માતાજીને સંસારના અસાર સ્વરૂપનું દર્શન આમ થઈ ગયું. એટલે જ પૂ. શ્રીએ જ્યારે સંસાર ત્યાગ કરી પ્રભુપ્રાપ્તિ માટે હિમાલય જવા રજા માગી, ત્યારે પૂ. માતાજીએ એમને આશીર્વાદ સાથે રજા આપી શક્યાં. સંસારના આઘાતો સહેવાના પરિણામે પ્રકટેલી સમજનું એ પરિણામ હતું; નહિ તો સામાન્ય સંસારી માતા આવું શી રીતે કરી શકે!

## પુત્રવિયોગ

પતિના અવસાન પછી તુર્ત જ નાના ભાઈલાલને અભ્યાસ માટે મુંબઈની એક ઓરફનેઝમાં મૂકવાનો પ્રસ્તાવ સાંભળીને

પૂ. માતાજીને દુઃખ થાય તે સ્વાભાવિક છે, કારણ તે વખતે આ નાના બાળકની વય માત્ર ૮ વર્ષની અને એણે ગુજરાતી ત્રીજા ધોરણની પરીક્ષા પાસ કરેલી, છતાં પોતાના બાળકનું ભાગ્ય સુધરતું હોય તો ભલે તે ભણવા મુંબઇ જતો. તેથી માતાજીએ તે પ્રસ્તાવને અનુમોદન આપ્યું. તેટલી નાની વયે પણ પૂ. શ્રીને તે પ્રસ્તાવ ગમેલો. ને તેઓ વડોદરા થઇ મુંબઇ જવા તૈયાર થયા.

મુંબઇ પહોંચ્યા પછી પૂ. શ્રીએ પોતાની માતાને જે પત્રો લખ્યા છે, તેમાંના બે પત્રો તા. ૧૫ માર્ચ, ૧૯૩૦ અને ૩૦ માર્ચ, ૧૯૩૦ ના ઉપલબ્ધ છે, તેમાં બાળ સહજ ભાવથી પોતાની માતા ચિન્તા ના કરે તે માટે ભારપૂર્વક લખ્યું છે. તેમના શબ્દો છે ''મારી ફિકર ચિન્તા કરશો નહિ. મને અહીં ગમે છે. હું ભણીને હોંશિયાર થઇને ઘેર આવીશ.'' પૂ. માતાજીને આ શબ્દોએ કેટલી બધી માનસિક રાહત પહોંચાડી હશે!

## જીવનસંઘર્ષ

તે પછીનાં ૧૦ વર્ષ પૂ. માતાજીના જીવનનાં આર્થિક સંઘર્ષનાં હતાં. ખેતીમાંથી ખાસ ઉપજ આવતી નહિ એટલે ઘરનું પોષણ કરવાનું મુશ્કેલ જણાતું. આથી પૂ. માતાજીએ વડોદરા પોતાના ભાઇને ત્યાં રહી—રસોઇની નોકરી સ્વીકારવા વિચાર્યું. આ વાતમાં પોતાના ભાઇ રમણભાઇનો સાથ મળતાં, તેઓ નાની તારાને સાથે લઇ વડોદરા ગયાં. અહીં પણ તેમને ઘણી મુશ્કેલીઓ તો પડી, પરંતુ દૃઢ સંકલ્પબળ અને સહન-શીલતાના કારણે તેઓ ટકી શક્યાં. પૂ. માતાજીની એક તો નાની વય, યુવાનીનો કાળ તેમ જ રૂપ અને શરીર સૌષ્ઠવ પણ



સારું. એટલે પોતાની જાતને સાચવવું અઘરું પડતું. સહેજ પણ પોતાની જાતને પવિત્રતાને ખતરા જેવું લાગે, ત્યાં પૂ. માતાજી પગ ના મૂકતાં. તેઓ એવાં જ સ્વાભિમાની ને સ્વાશ્રયી હતાં. તેઓ એ પણ ખ્યાલ રાખતાં કે પોતાના કારણે પોતાના ભાઇપર કોઇ આર્થિક બોજો ના પડે. તો પોતાની રસોઇની નોકરી ઉપરાંત સમય કાઢીને ભાભીને પણ ઘરકામમાં મદદ કરતાં. વડોદરા આવવાથી ગામડાના સંકુચિત વાતાવરણમાંથી તેઓ બહાર આવી ગયાં ને દુનિયા કેવી છે, તેનો તેમને ખ્યાલ પણ આવી ગયો.

આ અનુભવોએ પાછળથી પૂ. મહાત્માજી સાથે દેશ અને વિદેશોમાં વિવિધ પ્રકૃતિના લોકો સાથે સભ્યતાપૂર્વક કેમ રહેવાય તે માતાજીને શીખવ્યું. તે સાથે સાથે ભગવાન જ આપણી સંભાળ રાખે છે તે આંતરિક સમજ પણ ઉઘડતી ગઇ. પરિણામે પૂ. માતાજીના જીવનમાં આધ્યાત્મિકતાનો પ્રવેશ થતો ગયો. તેઓનું જીવન પણ ઈશ્વરાભિમુખ બનતું ગયું. તેના ઘડતરમાં પૂ. શ્રી યોગેશ્વરજીનો ફાળો નાનો સૂનો નથી. તે જાણવા માટે પૂ. શ્રીએ પૂ. માતાજી ઉપર ૧૯૪૧ થી ૧૯૫૧ ના દસ વર્ષના ગાળામાં લખેલ ૩૭ જેટલા ઉપલબ્ધ પત્રો વાંચીએ તો તેનો ખ્યાલ આવે.

## પુત્ર જ ગુરુ

આપણે ત્યાં સંતપુરુષોએ સંતત્વ કે મહાત્માપણું પ્રાપ્ત કરતાં પહેલાં કે પછી, પોતાની માતાને સાથે રાખ્યાં હોય એવાં ઉદાહરણો બહુ જ ઓછાં છે. પ્રાચીનકાળનું એક જ્વલંત ઉદા-રણ ભગવાન કપીલ અને માતા દેવહૂતિનું છે. આ મહાપુરુષે સિદ્ધપુર ક્ષેત્રમાં બિન્દુ સરોવરકાંઠે જે ઉપદેશ આપી માતાની

મુક્તિ કરાવી તેવું ઉદાહરણ દુનિયાના સંતપુરુષોના ઈતિહાસમાં ભાગ્યે જ જોવા મળે છે. કિન્તુ પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીએ પોતાની માતાના આધ્યાત્મિક ઘડતરમાં જે ફાળો ૨૦ વર્ષની વયથી—પહેલાં પત્રોદ્વારા અને પછી પ્રત્યક્ષ સાથે રાખીને—આપ્યો છે તે ભગવાન કપિલના માતા દેવહૂતિને આપેલ જ્ઞાન કરતાં જરાય ઉતરતો નથી. તે માટે પૂ શ્રી યોગેશ્વરજીના માતાજી જ્યોતિર્મયી પરના પત્રોનાં કેટલાંક અવતરણોદ્વારા જોઈએ.

## પૂ. માતાજીને ઉપદેશ

આપણે જોઈ ગયા છીએ કે પૂ. માતાજીને એમના સાસુએ ઘણી તકલીફો આપેલી. ઘણું દુઃખ તેઓની આંખો નહોતી ગઈ ત્યારે આપેલું. તેના પરિણામે પૂ. માતાજીના મનમાં ભૂતકાળ-ની એ કટુ સ્મૃતિઓ હોય એ સ્વાભાવિક છે. પૂ. શ્રીએ પોતાના દાદીમાનો પોતાની માતાજી પ્રત્યેનો આવો દુર્વ્યવહાર પ્રત્યક્ષ જોયેલો. કેટલુંક પૂ. માતાજી પાસેથી સાંભળેલું એટલે પૂ. માતાજી તેમના પ્રત્યે કોઈ દુર્ભાવ ના રાખે ને સેવા કરે તે માટેની પૂ. માતાજીને શીખ આપતો જે પત્ર ૨૨—૮—૧૯૪૧ માં લખ્યો છે, તેના શબ્દો જોઈએ.

“ઘરડી માનું શરીર સારું હશે. તેમની સેવા કરવામાં કચાશ ના રાખશો. આપણું મન આપણે મોટું રાખીએ ને સેવા કરતાં કરતાં બધું સહન કરીએ તેમાં આપણી મોટાઈ છે. બીજા ગાંડા થાય પણ આપણે આપણો સારો સ્વભાવ છોડી દેવો નહિ. ગીતાજી પણ એમ જ કહે છે. તુલસીકૃત રામાયણ રોજ રાતે થોડું થોડું વાંચો ને ઘરડી માને પણ સંભળાવો તો સારું.”

જીવનના જન્મમરણના ફેરાઓમાં જો કોઈ બાંધનારું હોય



તો રાગ અને દ્વેષ છે. એક ૨૦ વરસનો દીકરો પોતાની માતાને આ રાગ—દ્વેષ મનમાં ના રહી જાય તે જોવા ચેતવે છે. સાથે સાથે ઘરડી માના આત્મિક કલ્યાણ માટેની ચિન્તા સેવતાં તેમને રોજ રામાયણ સંભળાવવાની ભલામણ પણ કરે છે.

તો બીજા કેટલાક પત્રોમાં પૂ. મહાત્માજીનો ભગવાન પરનો ભરોસો કેવો હતો તે છતો થાય છે.

તા. ૨૬—૨—૪૨.

“સંભાળીને રહેશો. ઈશ્વરના જેટલી સુંદર સંભાળ રાખનાર બીજો કોઈ નથી, તો તેને કદી ભૂલવો નથી ને જરા પણ મનને દુઃખ લાગે તો ઈશ્વરને ચરણે બધું મૂકી દેવું.”

તા. ૧૧—૩—૪૨.

“આપણી મુશ્કેલી કે દુઃખનો ભાર બીજાની આગળ ઠાલવવા કરતાં ઈશ્વર આગળ જ ઠાલવવો.” કેવો સરસ શરણાગતિ ભાવ રાખવા સૂચવે છે.

૧૬, ફેબ્રુઆરી—૪૩.

ગંગાજીમાં સ્નાન કરવાનું પુણ્ય કાંઈ જેવુંતેવું નથી. તે પણ આ માઘ માસમાં તો તેનું માહાત્મ્ય બહુ છે. આપણું એવું ભાગ્ય ક્યાંથી કે ગંગાજળમાં ન્હાવાનું ને ગંગાજળ રોજ રોજ પીવાનું મળે. અહીં તપ કરવાનું માહાત્મ્ય પણ બહુ છે. વળી અત્યારે અહીં બીજું કામ નથી એટલે બને તેટલું સાધનભજન કરીએ છીએ. એનાથી બહુશાન્તિ ને આનંદ મળે છે. તમે બધાં ત્યાં રહીને અમને ખૂબ આશિષ આપજો એથી અમારું ખૂબ કલ્યાણ થશે.

પૂ. શ્રીનો પોતાની માતા પ્રત્યે કેવો આદરભાવ છે તે એમાં દેખાય છે. વળી પોતે હિમાલય આવીને શું કરી રહ્યા છે, તેની

વિગત પણ માતાજીને જણાવી છે. મનુષ્ય શરીર વારે વારે મળતું નથી તે વાત તેઓના નીચેના લખાણમાં વ્યક્ત થાય છે.

''આ શરીરમાં જ ઈશ્વરની પ્રાપ્તિ થઇ શકે છે તથા મુક્તિ મળે છે. તેથી પરમેશ્વરની ભક્તિ વધારી ને માયા ને મમતાને જીવવાનો પ્રયત્ન કરવો જોઇએ. તમારા બધાની આશિષથી અહીં કોઇ વાતની કમી નથી.''

''શ્રીમદ્ ભાગવત્, ગીતાજી, ભજનો વગેરેનો અભ્યાસ રાખવો. સંસારના પ્રસંગોથી કંટાળવું નહિ. એ અજ્ઞાનીનું નિશાન છે. ઈશ્વર પર શ્રદ્ધા રાખી દરેક પ્રસંગે આનંદમાં રહેવું. જીવનમાં હરેક પ્રસંગે એનું સ્મરણ કરવાથી અંતે પણ જ્યારે શરીર છૂટી જાય ત્યારે એ પરમ કૃપાળુ પરમેશ્વર કૃપા કરીને આપણને તેનું જ સ્મરણ આપે છે જેથી પરમ શાંતિ મળે છે.''

પૂ. માતાજીને સધિયારો આપતાં ૧૯૪૫ ના એક પત્રમાં પૂ. શ્રીએ જણાવ્યું છે કે, 'કર્મના નિયમ પ્રમાણે સર્વ કાંઇ બન્યે જાય છે તેમાં આપણું કાંઇ ચાલતું નથી.' ઈશ્વરની દયાથી એક વખત તમે પણ સાથે રહી શકશો, એવો વખત આવશે ને તમારા દિવસો પણ આનંદમાં જશે.

તો દુનિયામાં પ્રભુ કોની કસોટી કરે છે તે અંગે પૂ. માતાજી-ને જણાવે છે, જે તેની ભક્તિ કરે છે તેની કસોટી પ્રભુ કરે છે.

મનુષ્યજીવન અંગે પૂ. માતાજીને લખે છે, ''જીવન કેટલું ટૂંકું છે? સંસારમાં શું સુખ ભર્યું છે? દુઃખ અને વેરઝેર વિના છે જ શું? પણ તેને છોડીને પણ ક્યાં કોઇ જઇ શક્યું છે! જ્યાં જઇએ ત્યાં જગત તો સાથે છે જ, માટે સાચો ઉપાય એ જ છે કે ભગવાનના પ્રેમમાં મસ્ત થઇ જવું. ઈશ્વરમય જીવન બનાવી દેવું. આમ કરવાથી જગત આપણે માટે સુખમય અને અમૃત-



મય બની જશે. કોઇ પોતાની બુદ્ધિ પ્રમાણે બે શબ્દ સારાય બોલે કે ખરાબ પણ બોલે, પણ દરેકમાં સમાન રહેવું.'' કેવો ઉત્તમ ઉપદેશ છે?

આ ઉપરાંત પૂ. શ્રી યોગેશ્વરજીએ ત્યાગ, વૈરાગ્ય પ્રભુ પ્રત્યેનો પ્રેમ, સાચું સુખ, ભગવાનની લીલા, દુનિયાની નશ્વરતા, ભગવાન ભાવના ભૂખ્યા, નામજપનો મહિમા પ્રેમ-રૂપી ધન, દેવદુર્લભ માનવશરીર, સત્સંગનું મહત્ત્વ, સાચી સંપત્તિ, ઈશ્વરપ્રેમ વગેરે અનેક વિષયો ઉપર ખૂબ તલસ્પર્શી છણાવટ કરતા પત્રો માતાજીને લખ્યા છે. તે પત્રોદ્વારા પૂ. માતાજીમાં ધર્મ અને ભક્તિ વિષેની સાચી સમજ કેળવાઇ, તો પૂ. માતાજીને ખ્યાલ આવ્યો કે પ્રભુપ્રાપ્તિ માટે પોતાના દીકરા-એ સ્વીકારેલો માર્ગ બીજા રખડતા સાધુઓ કરતાં કેટલો ભિન્ન ને યોગ્ય છે. એણે ભગવું નથી પહેર્યું—ફક્ત પોતાને ખાતર પરંતુ તેના તન અને મનમાં સંસારની કોઇ આસક્તિ કે મમત્વનો જરા સરખો અંશ પણ નથી.

## સાધના માટે પ્રયાણ

સ્વામી શિવાનંદજીના પ્રોત્સાહક પત્રથી પૂ. મહાત્માજીને લાગ્યું કે હવે ભલે મહર્ષિ અરવિંદના આશ્રમમાં ના જવાયું, કિન્તુ હિમાલય તો જવાશે. ભાણેજ આમ ઘર છોડી જવાની વાત કરે છે તો મામાને એમ થયું કે સીધી રીતે તો તે રોકાય એમ નથી. એટલે એક યુક્તિ અજમાવી. તમારા પિતાનું રૂા. ૧૦૦ નું દેવું છે, તે પતાવીને જાઓ.

તે જમાનામાં એટલે સને ૧૯૪૦ ના ગાળામાં ૧૦૦ રૂા. પણ ખાસ્સી મોટી રકમ ગણાય. પૂ. શ્રી પણ આ અણધાર્યા પ્રસ્તાવથી મૂંઝાયા. પરંતુ કોઇ કાર્ય ભગવાનને કરાવવું હોય,

તો તેમાં આડે આવતા ગમે તેવા અવરોધો દૂર થઇ જાય, અહીં પણ એવું જ થયું. ઘણા સમય પહેલાં પૂ. શ્રીએ સસ્તુ સાહિત્ય-વાળા ભિક્ષુ અખંડાનંદજીને કેટલાક આધ્યાત્મિક લેખો ને ભજનો મોકલેલ. તેના બદલામાં તેઓને નડિયાદ પોતાને મળવા બોલાવી પૂ. શ્રીને તેમની હિમાલય જવાની વાત સાંભળી, પુરસ્કાર તરીકે રૂા. ૧૦૦ ને ઋષિકેશ સુધી જવાનું ભાડુ પણ આપ્યું. જુઓ, પ્રભુએ કેવો માર્ગ કાઢ્યો!

ભિક્ષુ અખંડાનંદજીની આમ અણધારી આર્થિક સહાયથી પ્રોત્સાહિત થયેલા પૂ. શ્રીનો આંતરિક આનંદ સમાતો ન હતો, પરંતુ પૂ. માતાજી માટે આ સમાચાર પ્રથમ નજરે આનંદદાયક ન હતા. પોતાનો પુત્ર હવે પોતાને છોડી હિમાલય જઇ રહ્યો છે—ત્યાં કેવું હશે, તેને ત્યાં કોણ ખવડાવશે, સાજેમાંદે એની કોણ સંભાળ રાખશે, વગર પૈસે તે ત્યાં કેવી રીતે જીવી શકશે, હવે મારું શું થશે, હિમાલયથી કદી તે શું પાછો આવશે ખરો! આમ સાધુ થઇ ગયેલા કોઇ પાછા થોડા આવ્યા છે?—આમ અનેક પ્રશ્નોની હારમાળા મનમાં ઊભરાઇ રહી. પણ પૂ. શ્રીને આ બધું પૂછાય શી રીતે? વાત સાચી હતી. પૂ. શ્રી પાસે પણ આમાંના કેટલાય પ્રશ્નોના જવાબ ક્યાં હતા! જવાનું સ્થાન તો નિશ્ચિત હતું—પરંતુ ત્યાં કેટલો વખત રહેવાશે! ધ્યેયપ્રાપ્તિ ક્યારે થશે! પાછા આવવાનું ને પૂ. માતાજીને ફરી ક્યારે ને ક્યાં મળાશે! તે કશું જ ભગવાન સિવાય કોણ કહી શકે એમ હતું!

## પ્રભુપ્રાપ્તિ માટે સંસારનો ત્યાગ

છતાં એક વાત નિશ્ચિત હતી. પૂ. શ્રીનો ત્યાગ એ કોઇ દુ:ખ કે આપત્તિને લીધે ભરાતું પગલું ન હતું. તેઓ તો પ્રભુપ્રાપ્તિના ઉમદા ધ્યેયને વહેલામાં વહેલી તકે સિદ્ધ કરી લેવા



જતા હતા. ઋષિમુનિસેવિત હિમાલયની પવિત્ર ભૂમિમાં વ્યાપી રહેલા દિવ્ય પરમાણુઓની સહાયથી તે ધ્યેય જલ્દીમાં જલ્દી સિદ્ધ થઇ શકશે—એવી સમજથી—ભાવનાથી જઇ રહ્યા હતા. એટલે હિમાલય જતી વખતે પૂ. શ્રીએ માતાજીને જે શબ્દો કહ્યા, જે આશ્વાસન આપ્યું તેને જીવનભર નીભાવ્યું. કદાચ સંભવ છે કે પૂ. માતાજીને એ શબ્દો કેટલા અંશે આશ્વસ્ત કરી શક્યા. તે કહેવું મુશ્કેલ છે. છતાં તે ક્ષણ પૂરતો તેમને સધીઆરો થયો જ હશે, એ વાત નક્કી. કારણ પૂ. શ્રી કદી અસત્ય બોલતા નહિ. પૂ. શ્રીના સ્વમુખે તેઓએ પૂ. માતાજીને જે શબ્દો કહેલા તે અમને પાછળથી સંભળાવેલા. તે લગભગ આવા હતા.

‘‘માતાજી, અમે હિમાલયમાં બાવા બનવા જતા નથી. અમે તો પ્રભુપ્રાપ્તિ માટે જઇએ છીએ. ત્યાંના પવિત્ર વાતાવરણમાં તે જલ્દીથી થઇ શકે એટલે જઇએ છીએ. દિલમાં પ્રભુપ્રાપ્તિની એક તીવ્ર ભૂખ છે તે સંતોષવા જઇએ છીએ. તે સિવાય અમને આંતરિક ચેન નથી, તેથી જઇએ છીએ. એ ધ્યેયની પ્રાપ્તિ થતાં અને તમારી અહીંની જવાબદારીમાંથી તમે મુક્ત થઇ જતાં. (પૂ. માતાજીને તેમનાં વૃદ્ધ સાસુમા હતાં. તેઓ પાછળથી આંખે દેખતાં ના હોવાથી તેમની સારસંભાળની લૌકિક જવાબદારીનું બંધન હતું) અમે તમને અમારી સાથે જ રાખીશું. વિશ્વાસ રાખજો. ભગવું પહેરીને સંન્યાસી થવાનો અમે કદી વિચારસુદ્ધાં કર્યો નથી. અમને વિશ્વાસ છે કે તમે પણ અમારા પ્રભુપ્રાપ્તિના માર્ગમાં કદી બાધક બનશો નહિ—ભલે પછી અમારી સાથે રહેતાં હોવ કે દૂર.’’

‘‘અમારું કેમ ચાલશે ને અમને કોણ ખવડાવશે એની

ચિન્તા ના કરતાં. જે પરમશક્તિ—મા ભગવતી—સમગ્ર વિશ્વના જીવો-નું ભરણપોષણ કરે છે, તે શું અમને ભૂખ્યા રાખશે? એટલો ભરોસો ના હોય તો ઘર છોડીને જવાની હિમ્મત જ ક્યાંથી આવે! તમારી સંભાળ પણ એ પરમ શક્તિ જ રાખશે. એનો વિશ્વાસ રાખજો. અમને એ શક્તિમાં પૂરો વિશ્વાસ છે, એટલે તો કાલની કશી જ ચિન્તા વગર જઇ રહ્યા છીએ. જ્યાં જઇશું ત્યાંથી અમારા ખબર આપતા રહીશું. તમારા ખબર લખતાં રહેજો, અમે એવું માનતા નથી કે એવું કરવાથી અમારો વૈરાગ્ય ઓછો થઇ જશે. એથી તમે જ અમને રાજીખુશીથી જવાની રજા અને આશીર્વાદ આપો જેથી પ્રભુપ્રાપ્તિનું અમારું ધ્યેય જલ્દીથી સિદ્ધ થઇ જાય. તમારા આવા આશીર્વાદ અમારે માટે ખૂબ મૂલ્યવાન છે.''

પૂ. શ્રીના આવા સમજણપૂર્વકના શબ્દોનો પૂ. માતાજીના દિલમાં એવો તો પડઘો પડ્યો કે આ વિધવા માતાએ આંગણા પાસેના વૃક્ષ પરથી ફૂલ વીણી લાવી, તેનો હાર પોતાના હાથે ગૂંથી—દીકરાના ગળામાં પહેરાવી અંતરથી આશીર્વાદ દઇ દીધા. પૂ. શ્રી માટે એ ધ્યેયસિદ્ધિની વિજયમાળ હતી. જેમાં એક વીતરાગી માતાના અંતરના આશિષ હરેક પુષ્પમાં ગૂંથાઇ ગયા હતા. પૂ. શ્રીનું આ મહાભિનિષ્ક્રમણ હતું તેમાં ભગવાન બુદ્ધની જેમ અડધી રાતે સૂતેલી પત્ની અને બાળકને મૂકીને ચાલ્યા જવાની વાત ન હતી પરંતુ એક નિરા-ધાર જનેતાના સ્નેહના બંધનને ધ્યેયપ્રાપ્તિ માટે થોડા સમય માટે શિથિલ કરવાની સંકલ્પશક્તિની કસોટી તો હતી જ.

## માતૃઋણની સદા યાદ

તે પછીના પૂ. શ્રીના જીવને આપણને બતાવ્યું કે એ શ્વેત-



વસ્ત્રધારી સંન્યાસીએ—પોતાની જનેતાને પોતાના સાધનાકાળ દરમ્યાન પણ સાથે જ રાખ્યાં ને જીવનભર તેમને પોતાની આધ્યાત્મિક શક્તિઓનો લાભ પહોંચાડતા જ રહ્યા. તેઓ કહેતા કે કોઇ પણ માનવ તે ગમે તેટલો મોટો સમ્રાટ કે સંત બને, છતાં પોતાની માતાના ઋણમાંથી કદી મુક્ત થઇ શકતો નથી. આ પૃથ્વી પર જનમવાનું સૌભાગ્ય જેને કારણે મળ્યું, તેની અવગણના ગમે તેવો ત્યાગી પણ કરે, તો તેમાં તેની એક માનવ તરીકેની જવાબદારી અદા કરવાની ઉણપ મને તો લાગે.

પૂ. શ્રી કહેતા કે સાધનામાં ઘર, પત્ની, પુત્ર કે પરિવારના સભ્યો જેટલાં બાધક નથી બનતાં, તેટલું માણસનું વૈરાગ્યની કચાશવાળું મન બાધક બનતું હોય છે.

## પત્રોની જીવનમાં અસર

પૂ. શ્રીના પત્રોમાં તેઓ જે જે સૂચનો કરતા, તે અંગે પૂ. માતાજી વિચાર કરતાં. એ રીતે તેઓનું પોતાનું આત્મનિરીક્ષણ થતું રહ્યું. પરિણામે તેઓના મનનો સુધાર થતો ગયો. વળી ભગવાનનું નામસ્મરણ તો ચાલતું રહેતું. એટલે ખાતાં—પીતાં, ઊઠતાં—બેસતાં કે કામ કરતાં પૂ. માતાજી કાં તો ધૂન ગણગણતાં હોય કે કોઇ ભજનની લીટી ગાતાં હોય. પછી કામ ઘંટીએ દળવાનું હોય કે ખાંડણિયે ડાંગર છડવાનું હોય. એટલે તેમની ઘરકામની બધી જ ક્રિયાઓ જાણે ભક્તિ બની ગઇ. તે માટેના અલગ પુરુષાર્થની આવશ્યકતા ના રહી.

એ પછી સને ૧૯૫૧ માં ઘરડાં માનો સ્વર્ગવાસ થતાં છેલ્લું સાંસારિક બંધન પણ છૂટી ગયું. એટલે માતાજીને પૂ. શ્રીએ પોતાની પાસે દેવપ્રયાગમાં કુટિયામાં જ્યાં રહેતા ત્યાં બોલાવી લીધાં.

## પાસે રહેવું અઘરું

પૂ. માતાજીને આથી ખૂબ આનંદ થયો. પરંતુ આમ પાસે રહેવું અઘરું હતું. પર્વત પરના એકાંત સ્થાનમાં આ કુટિયા હતી. નજીકમાં કોઇ વસ્તી નહિ. એટલે રાત્રિના અંધકારમાં બીક પણ લાગે. વળી પૂ. શ્રી તો આખો દિવસ પોતાની સાધનામાં વ્યસ્ત હોય એટલે ખાસ વાત કરે નહિ. પૂ. માતાજી એ દિવસો યાદ કરી કહેતાં કે પૂ. શ્રી આખા દિવસમાં ભાગ્યે બે ત્રણ વાક્યો બોલે.

રાતે દીવો પણ ભાગ્યે જ કરે. લાંબા થઇને સૂવાની તો વાત જ ક્યાં? આમ પૂ. શ્રી સાથે દેવપ્રયાગની કુટિયામાં રહેવું એ જ એક સાધના બની જાય.

પૂ. શ્રી અમને કહેતા કે પૂ. માતાજીનું મન પ્રભુપ્રેમી એટલે દેવપ્રયાગમાં અમારી સાથે રહી શક્યાં. બીજું પૂ. માતાજીનો પૂ. શ્રી ઉપરનો પ્રેમ. એક માતાને પોતાના પુત્ર પ્રત્યે પ્રેમ હોય એ સ્વાભાવિક છે. તે ઉપરાંત પૂ. માતાજીની એવી સારી સમજ કે પોતાનો પુત્ર પ્રભુપ્રાપ્તિના ઉત્તમકાર્યમાં લાગેલ છે તો હું તેમાં સહાયરૂપ થઉં. તે માટે ભલે થોડું કષ્ટ સહેવું પડે. તેથી તેઓ સતત સજાગ રહેતાં કે પોતાની હાજરીથી મહાત્માજીને તેમની તપશ્ચર્યામાં જરાય ખલેલ ન પડે. ઉલ્ટુ તેઓના આવા સમજ-પૂર્વકના સહકારને લીધે ઉપવાસો દરમ્યાન પૂ. મહાત્માજીને ઘણી રાહત રહેતી. તો પૂ. શ્રી પણ પોતાના પક્ષે પૂ. માતાજી-નો આત્મિક વિકાસ ને તેઓનું જીવન પણ સાધનાપરાયણ બને તે માટે ભગવદ્‌ગીતા અને રામાયણ જેવા ગ્રંથો તેમને વાંચી સંભળાવતા, તેમ જ તેની સમજ આપતા. પૂ. માતાજી પણ પોતાનો મોટાભાગનો સમય ભગવદ્‌સ્મરણમાં ગાળતાં.



આમ પરસ્પરને સમજવાની સાથે—સહયોગ ધરી ઉપયોગી થવાની ભાવનાને લીધે પૂ. શ્રીએ પોતાની સાધનાનાં સાક્ષી બનવાનું વિરલ સૌભાગ્ય—પૂ. માતાજીને ધર્યું. પરિણામે પૂ. માતાજીનો પૂ. શ્રી પ્રત્યેનો માતૃવાત્સલ્યનો ભાવ દબાતો ગયો ને તેને સ્થાને ધીરે ધીરે પ્રભુની સેવા જ પોતે કરી રહ્યાં છે, તેવો ભાવ સાકાર બન્યો. આ એક અદ્‌ભુત પરિવર્તન હતું. એક સંતની જનેતા પુત્રની સાધનાને સમજે, સાથ આપે, જરૂરી સહકાર ધરે એવું ભાગ્યે જ ક્યાંય જોવા મળે, તો પૂ. મહાત્માજીએ પોતાના પક્ષે તેઓને જીવનનાં ૩૨ વર્ષ પોતાની સાથે રાખ્યાં. દેશ અને વિદેશોની પોતાની યાત્રાઓમાં પણ સાથે લઇ ગયા. એટલે જ એક માતૃભક્ત મહાત્માનું બીરૂદ પામ્યા. અરે, તેઓની માંદગીઓમાં જાતે જ સેવાસુશ્રૂષા કરી, એટલું જ નહિ પણ તેમની છેલ્લી માંદગીમાં પોતાની માતાની સુશ્રૂષા માટે હોસ્પીટલના સ્પેશિયલરૂમમાં દિવસો સુધી ત્યાં જ રહી સેવા કરી. ને અંતિમ સંસ્કારમાં પણ હાજર રહ્યા.

## માતૃભક્ત સંતો

બીજા સંતો ને મહાપુરુષોની તો આપણને ખબર નથી પરંતુ ભારતમાં ત્રણ મહાપુરુષો એવા થયા કે જેઓએ એમની માતા-ઓને પોતાની પાસે રાખી, સારસંભાળ કરી. આમાં પ્રથમ છે શ્રી રામકૃષ્ણ પરમહંસ, બીજા છે રંગ અવધૂત મહારાજ અને ત્રીજા છે ભગવાન રમણ મહર્ષિ.

શ્રી રામકૃષ્ણદેવની માતા ચંદ્રમણિદેવી એક સરસ પ્રભુપ્રેમી ભક્ત હતાં. એટલે તો રામકૃષ્ણદેવ જેવા અવતારી પુરુષે એમના પેટે જન્મ લેવાનું વિચાર્યું. તેઓએ ભલે તેમની સાધનામાં વિરોધ ના કર્યો, પરંતુ તેઓની સાધનાને એક માતા તરીકે સમજી સક્રિય સાથ ધર્યો હોય એવું એમના જીવનને વાંચતાં જોવામાં નથી આવતું. એ સાચું છે કે શ્રી રામકૃષ્ણદેવ પોતાની

માતાનું ધ્યાન રાખતા અને પોતાની ધર્મપત્ની શારદામણિદેવીને તેમની સારસંભાળ રાખવા કહેતા. જો કે મા શારદાદેવી પોતે જ તેમનો ખૂબ આદર કરતાં ને પ્રેમપૂર્વક સારસંભાળ રાખતાં.

બીજા સંત છે શ્રી રંગ અવધૂત મહારાજ. તેઓએ પણ નર્મદાકાંઠે નારેશ્વરમાં સ્થિર થયા પછી પોતાની માતાને રહેવા માટે આવાસની અલગ વ્યવસ્થા કરી. તેઓ પણ પોતાની માતા-ને ખૂબ આદરપૂર્વક જોતા. રોજ સવારે તેમની ખબર અંતર પૂછતા વંદન કરતા. તેઓને કોઇ પ્રકારની અસુવિધા ના થાય તેનું ધ્યાન રાખવા ભક્તોને ખાસ સૂચના આપતા. પોતાની માતાનો અગ્નિસંસ્કાર પણ આશ્રમમાં જ કરાવી, ત્યાં શિવ-મંદિરની સ્થાપના કરી. પુત્ર તરીકેનું ઋણ સારી રીતે અદા કર્યું.

પરંતુ તેઓના જીવનમાં પણ તેઓનાં માતાએ સાધના દરમ્યાન તેમને સહાય પહોંચાડી સેવા કરી હોય એવું જાણમાં નથી.

ભગવાન રમણ મહર્ષિના જીવનમાં તો પ્રારંભમાં જ ઉલ્ટુ જોવા મળે છે. તેઓની માતા અલઘમ્મા મહર્ષિને સંસારમાં પાછા લઇ જવા માટે મહેનત કરે છે. રડે છે, કકળે છે પરંતુ મહર્ષિ ચલાયમાન થતા નથી. છેવટે થાકીને તિરૂવણ્ણામલૈયથી પાછાં પોતાને વતન જાય છે. પરંતુ તેમના મોટા પુત્રના અને નાના પુત્રની પત્નીના અવસાન પછી પાછાં મહર્ષિ પાસે કાયમ માટે રહેવા આવી જાય છે. મહર્ષિ તેમને આવકારી તેમની રહેવા વગેરેની વ્યવસ્થા પણ કરી દે છે. એટલું જ નહિ પરંતુ આ માતાની માંદગી પ્રસંગે, મહર્ષિ તેમના પાસે બેસી ભગવદ્દસ્મરણ કરતાં કરતાં તેમના શરીરે હાથ ફેરવે છે. તેમના મનના સાંસારિક ભાવો દૂર થાય અને તેઓ મોક્ષનાં અધિકારી બને તેવો તેઓનો ભાવ છે. એક અદ્વૈતવાદી મહાપુરુષની કેવી કરુણા અને માતૃભક્તિ.



આ માતાએ ભલે તેઓને તેઓની સાધનામાં સહયોગ ના ધર્યો, પરંતુ અદ્વૈતના મહા ઉપાસક મહર્ષિએ તો પોતાની માતા-ની સદ્ગતિ માટે પૂરો પુરુષાર્થ કર્યો. ધન્ય છે આ ત્રણે મહા-પુરુષોને જેઓએ પ્રભુપ્રાપ્તિ માટે ભગવાવસ્ત્રને આવશ્યક ના ગણ્યું. પોતાની માતાની સેવાને પ્રભુપ્રાપ્તિમાં કદી અવરોધક ના ગણી, માતૃભક્ત તરીકેના સરસ ઉદાહરણ પૂરા પાડી, ભારતીય ઋષિપરંપરાને ઉજળી બનાવી છે. ધન્ય છે આ સહુ મહાપુરુષોને અને તેમની જનનીઓને. આપણા તેમને વંદન હો.

## પૂ. માતાજી અલગ તરી આવે

પરંતુ આ ત્રણે સંતો કરતાં પૂ. યોગેશ્વરજી ને માતાજી જ્યોતિર્મયી જુદાં તરી આવે. પૂ. યોગેશ્વરજી જીવનભર પરિ-વ્રાજક સંત તરીકે વિચરણ કરતા રહ્યા. ભારતભરની યાત્રાઓ માતાજીને કરાવી. તો વિદેશના યાત્રા પ્રસંગોએ ઇંગ્લેન્ડ, અમેરિકા અને કેનેડા માતાને સાથે જ રાખ્યાં. એટલું જ નહિ, એ માતાને લકવાનો હુમલો થયો તો પૂ. શ્રી જ તેમની બધી જ સેવા કરતા. નવડાવતા, કપડાં પહેરાવતા, રસોઇ કરી જમા-ડતા. બધું પોતે એકલે હાથે મસૂરીમાં કરતા. માતાની સેવા—સુશ્રૂષા એ જ એમને મન તે વખતે પ્રભુની સાધના—આરાધના જે ગણો તે.

## પૂ. માતાજીનું સ્મૃતિમંદિર

પૂ. યોગેશ્વરજીએ પોતાની હયાતી દરમ્યાન પોતાનો કોઇ આશ્રમ બનાવ્યો ન હતો. જો કે પોતાની ત્યાગમયી માતાની સ્મૃતિ જળવાય તેવી તેઓની ભાવના હતી ખરી. પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીએ એમની માંદગીના અંતિમ દિવસોમાં પૂ. શ્રીને સરસ સહાય પહોંચાડી. તો એ જ ગુરુદેવ શ્રી યોગેશ્વરજી અને માતા જ્યોતિર્મયીની પવિત્ર યાદમાં અંબાજીમાં માતાજી જ્યોતિ-ર્મયી વિશ્રામગૃહની સુંદર રચના કરી, મા સર્વેશ્વરીએ પૂ.

ગુરુદેવ અને માતાજીને જીવંત કરી દીધાં છે. પોતાના ગુરુની ભાવના પૂર્ણ કરી—એ મહાપુરુષને મા શ્રી સર્વેશ્વરીએ સર્વોત્તમ અર્ઘ્ય ધર્યો છે. વંદન હો એ માની ગુરુભક્તિને અને માતાજી જ્યોતિ-ર્મયીનીના સ્મૃતિમંદિર અંબાજીના સ્વર્ગારોહણ તીર્થને.

પૂ. મા શ્રી સર્વેશ્વરીએ અથાગ પરિશ્રમ અને અઢળક ધન ખર્ચીને એ માતૃભક્ત મહાત્માને યોગતીર્થના સંગ્રહાલયમાં સજીવ કરી દીધા છે. પૂ. માતાજીને પણ તેઓ ભૂલ્યાં નથી. જાણે તેઓએ જીવનની અંતિમ ક્ષણોમાં જે આશિષ પૂ. મા સર્વેશ્વરીને ધરી, તેનું અદ્‌ભુત ઋણ માએ જાણે વાળી દીધું ન હોય! વાહ મા, આવું તો કોઈ સંસારી પુત્ર પણ કદી ના કરી શકે.

સંસારના ત્રિવિધ તાપથી તપેલા ભક્તો માટેનું જાણે એક અદ્‌ભુત વિરામ અને વિશ્રામનું ધામ—એટલે જ મા જ્યોતિ-ર્મયીનું સ્વર્ગારોહણ.

### ❁ શુભ દિવાળી ને નૂતન વર્ષાભિનંદન ❁

હિન્દુનું વિક્રમ સંવત ૨૦૬૧નું વર્ષ તા. ૨—૧૧—ના રોજ પૂરું થાય છે અને ૨૦૬૨નું વર્ષ તા. ૩—૧૧—૨૦૦૫ના રોજ શરૂ થાય છે એટલે દીપોત્સવીના પર્વની ઉજવણી તા. ૨—૧૧ના રોજ છે ને નવું વર્ષ તા. ૩—૧૧ના રોજ પ્રારંભ પામે છે.

આથી યોગેશ્વર પરિવારના સહુ સાધક ભાઈબહેનો તેમજ ***‘અધ્યાત્મ’***ના સર્વ વાંચકોને ***‘અધ્યાત્મ’*** પરિવાર તરફથી દિવાળીની શુભકામનાઓ ને નવા વર્ષના અભિનંદન પાઠવીએ.

નવા વર્ષમાં પૂ. મા અને પૂ. ગુરુદેવ પ્રભુના આશીર્વાદ સહુ ઉપર ઉતરો એવી મંગલ પ્રાર્થના. **—તંત્રી**



**પૂજ્ય યોગેશ્વરજીદ્વારા**

# તુલસીકૃત રામચરિતમાનસનું રસદર્શન—૫

(ગતાંકથી આગળ) સંકલન : **નિર્ભયરામ કા. વૈષ્ણવ**

પૂજ્ય યોગેશ્વરજી સરયૂમાં અલૌકિક ડૂબકી લગાવતા કહે છે :

ચાલી કવિતા સરિતા એથી ભરી રામયશનું પાણી,
સરયૂ નામ એ સરિતાનું, કરે અમંગલની હાનિ.

માંગલ્યતણું મૂળ એ ખરે, એના બે સુંદર તટ છે,
લોકમત તથા વેદમતતણાં, એ બંનેની મધ્ય વહે.

નગર, ગ્રામ, પુર એ ત્રણે સરિતાના તટ પર,
સમાજ શ્રોતાનો કહ્યો, સંતો ને મુનિવર.

સભા મૂળ માંગલ્યનું દીસે છે એમાં,
અવધપુરી એ અનુપમા તીર્થ વસે જેમાં.

તુલસીદાસજીએ અવધપુરી દર્શન એવા સુંદર રૂપક અને ઉપમાઓ દ્વારા વર્ણિત કર્યું છે જેથી શાબ્દિક સ્વરૂપે જાણે આપણે પ્રત્યક્ષ તેનું દર્શન કરી રહ્યાં હોઈએ તેવું ભાસે છે. સરયૂજી રામભક્તિરૂપી ગંગાજીમાં, શોણ નામની મોટી નદીનો જાણે પ્રવાહ બનીને રામ—લક્ષ્મણ યુદ્ધ કરતા હોય તેવું જણાય છે. આવી તો અનેક ઉપમાઓ છે.

શિવ—પાર્વતી વિવાહ, ભાઈઓનું બાળચરિત્ર, સીતા—સ્વયંવર રામ—વિવાહ આ પ્રસંગો સરયૂમાં પ્રવાહિત કરી આપણને મંત્રમુગ્ધ કરે છે.

અયોધ્યાની સરયૂને કળિકાળની પાપ—તાપ ટાળનારી કહી હૃદયને નિર્મળતાથી શુદ્ધિ અર્પનારી કહી તુલસીદાસજી કહે છે :

અબ રઘુપતિ પદ પંકરુહ હિયઁ ધરિ પાઈ પ્રસાદ,
કહઉઁ જુગલ મુનિબર્ય કર મિલન સુભગ સંબાદ.

અહીંથી હવે ભરદ્વાજજી અને યાજ્ઞવલ્ક્ય મુનિના આશ્રમે બંનેના સંવાદદ્વારા એક સંક્ષિપ્ત રામાયણ વર્ણિત થાય છે.

એક રામ અવધેસ કુમારા, તિન્હ કર ચરિત બિદિત સંસારા,
નારિ બિસહઁ દુખુ લહેઉ અમારા, ભયઉ રોષુ રન રાવનુ મારા.

ભરદ્વાજજીનું પ્રયોજન યાજ્ઞવલ્ક્ય મુનિની અમૃતવાણીનો લાભ લેવાનું છે, પણ સીધી રીતે તે માંગણી સ્વીકૃત થવાની તેમને શંકા છે. તેથી પોતે પ્રશ્ન કરે છે કેઃ—

પ્રભુ સોઈ રામ કિ અપર કોઉ જાહિ જપત ત્રિપુરારિ;
સત્યધામ સર્બગ્ય તુમ્હ કહહુ બિબેકુ બિચારી.

મુનિશ્રી ચતુરાઈભર્યા આ પ્રશ્નને ઓળખી લે છે અને રામજીના રહસ્યમય ગુણોનું ગાન સાંભળવાની ઈચ્છાનું સ્પષ્ટીકરણ મા ઉમાજી અને શિવજીના પ્રસંગનું નિરૂપણ કરી કથા પ્રારંભે છે.

આગળની આ કથા પ્રવાહને પૂજ્ય યોગેશ્વરજીએ જે રીતે શબ્દ દેહ આપ્યો છે તે હવે જોઈએ.

સુંદર રામકથાને ગાઉં, સાદર સુણો પ્રેમરસ પાઉં;
મહામોહ મહિષાસુર માનો, રામકથા કાલિકા પ્રમાણો.

રામકથા શશિકિરણ સમાન, સંત ચકોર કરે છે પાન;
શિવપાર્વતી તણો સંવાદ, કહુ હવે મુજ મતિ અનુસાર.

પાર્વતીજીએ શંકા કરી ત્યારથી આગળનો કથા પ્રવાહ :

રાજપુત્ર જો હોય તો હોય બ્રહ્મ તે કેમ;
બુદ્ધિ વ્યાકુળ શે બની પત્ની વિરહે તેમ?



ચરિત નિહાળી ને સુણી મહિમા બુદ્ધિભ્રમે;
સમાધાન સ્વમુખે કરો મારું આજ તમે.

પાર્વતીજી બાળપણથી રામરાજ્યારોહણ સુધીના પ્રસંગો સાંકળી આ કથાનું તત્ત્વજ્ઞાન સમજાવવા શિવજીને વિનતિ કરે છે :

તત્ત્વ કહો તે પરમ વખાણી જેમાં મગ્ન રહે મુનિજ્ઞાની,
ભક્તિ જ્ઞાન વિજ્ઞાન વિરાગ, સર્વ વર્ણવો સહિત વિભાગ.

બીજા પણ હો રહસ્ય જે કહો નાથ જ્ઞાની સૌ તે,
જિજ્ઞાસા જે હોય કરી, સમજાવો તે મને ફરી.

પાર્વતીજીના પ્રશ્નથી શિવજી પ્રસન્ન થયા છે, રામચરિતનું સ્મરણ થતાં જ આંખોમાં ધન્યતાના અશ્રુએ વહેવાનું શરૂ કર્યું. રોમાંચિત થઈ ધ્યાન ધરી જાણે પ્રભુનું હૃદય સિંહાસને સ્થાપન કરતા હોય તેમ વંદના કરી વાણીને કર્ણપ્રિય સ્વરૂપે રજૂ કરે છે :

બાલ સ્વરૂપ વંદુ તે સદા સાદર રામને,
સાંપડે જપતાં સિદ્ધિ જેમના દિવ્ય નામને.

તુલસીદાસજીની સુપ્રસિદ્ધ ચોપાઈ :

મંગલ ભવન અમંગલ હારી, દ્રવઉ સો દશરથ અજિર બિહારી.

અનુવાદ—

મંગલભવન અમંગલહારી, દશરથ આંગણમધ્ય વિહારી,
કરો કૃપા મુજપર શ્રીરામ, કરો મને મંગલનું ધામ.

આગળ પાર્વતીજીને આ પ્રશ્ન પૂછવા બદલ રામપ્રેમી કહીને હરિકથાનો મહિમા સમજાવી કહે છે :

રામકથા સુરધેનુ શી સેવ્યે સુખ આપે,
અવિદ્યા તિમિર ટાળતાં બંધનને કાપે.
સંત સમાજ શ્રેષ્ઠ છે લોક દેવતાનો,
કથા સાંભળે કેમ ના ભક્તો વિદ્વાનો?

રામકથાનો સવિસ્તર મહિમા વર્ણવ્યા બાદ કહે છે :

જેની કૃપાથકી ભ્રમ જાય એ જ કૃપાળુ ખરે રઘુરાય,
આદિ અંત ના પામ્યું કોઇ, વેદ વળી અનુમાને ગાય.
એમ ગાય છે જેમને વેદશાસ્ત્ર વિદ્વાન,
યોગી ઋષિ મુનિ જેમનું ધરે અંતરે ધ્યાન.
દશરથના સુત તે જ છે ભક્તજનોના પ્રાણ,
શરણાગતવત્સલ સ્વયં કોશલપતિ ભગવાન.

શિવજી પોતે કબૂલ કરે છે કે :

કાશીમાં મરતાં પ્રાણીને, મંત્ર જેમનો હું આપીને,
શોકરહિત કે મુક્ત કરું, નામના બળે મુક્તિ ધરું.

શ્રીરામજીનો મંત્ર કહીને જ કાશીમાં મરતાં પ્રાણીનો હું મોક્ષ કરું છું. આ શ્રીરામનું શરણું લેનારને મને મળે છે તેવી પરમ શાંતિ સૌને પ્રાપ્ત થઇ શકે છે.

તે પ્રભુ મારા અંતર્યામી, રામ ચરાચર કેરા સ્વામી.
વિવશ બની નર નામ જપે, તોપણ પાપ કદી ન ટકે,
જન્મજન્મના પાપ ટળે, છેક નવો અવતાર મળે.
સાદર સ્નેહે સ્મરણ કરે, એવા પ્રભુનું મનન કરે,
ગોપદ જેમ સહેલાઇથી, અવગુણ સઘળા લુપ્ત બને.
શબ્દ સાંભળીને શિવના ટળી ગઇ સઘળી ભ્રમણા,
થઇ રામના પદમાં પ્રીત, થઇ ગઇ શ્રદ્ધાની જીત.
ચરણકમળ શંકરતણાં વારંવાર ગ્રહી,
પ્રેમરસ સભર પાર્વતી વચનો રહ્યાં કહી.
તમારી સુણી ચંદ્રના કિરણસમી વાણી,
શરદઋતુના તાપશો મોહ મટ્યો ભારી.



કૃપા કરી શંકા બધી મારી તમે હરી,
મહિમા રામસ્વરૂપનો જાણ્યો આજ ફરી.
કૃપા તમારી મેળવી મારો મટ્યો વિષાદ,
સુખી થઇ છું પામતાં પ્રભુનો કૃપા પ્રસાદ.

પાર્વતીજીએ પોતાનો પ્રતિભાવ શંકા દૂર થયા અંગેનો શિવજી સમક્ષ રજૂ કર્યો. ભગવાનનું શુદ્ધ સ્વરૂપ પણ પરખાયું. પ્રભુકૃપાથી વિષાદ મટતાં પોતે સુખી થયાં તે પણ જાહેર કર્યું.

છતાં તેઓ અતૃપ્તિ અનુભવે છે. રામકથાનું ગાન સાંભળી પોતે કૃતકૃત્ય થવા વળી શંભુનાથને વિનવતાં કહે છે :

પ્રસન્ન હો તો પ્રેમથી કહો આજ મુજને,
રામ બ્રહ્મ ચિન્મય વસે સૌના હૃદય વિશે.
માનવ તન શાને ધરી પ્રગટ્યા એ જગમાં,
શબ્દ સાંભળી શિવ થયા પ્રસન્ન અંતરમાં.

શંકર ભગવાન પણ રામકથાના પરમ શ્રોતા બની રહેલાં પાર્વતી માતાને ભાવભક્તિવાન સમજી અવતારકથા વર્ણવવા સુમધુર સ્વરે કહે છે તેવો ભાવ નીચેની કંડિકાદ્વારા પ્રાપ્ત થાય છે.

કામજીત મર્મજ્ઞ ને કૃપાતણા ભંડાર,
શિવના મુખથી નીકળ્યાં સહજ મધુર ઉદ્‌ગાર.

(ક્રમશઃ)

✡

# પ્રભુ સાથેનું અનુસંધાન

(ગતાંકથી ચાલુ) **ઉન્મેશભાઇ મહેતા** C.A.

**અનુસંધાન સાધવાનો ઉપાયઃ—**

પ્રભુ સાથે અનુસંધાન કરવાનો અને આપણી અને પ્રભુની આડે આવતા અંતરાયો દૂર કરવાનો જો કોઇ રામબાણ ઉપાય હોય તો તે છે આપણા સમગ્ર જીવનને પ્રભુથી ભરી દેવું. We have to fill our life with God. આપણા જીવનને સંપૂર્ણ રીતે પ્રભુમય બનાવવું. જેમ કોઇ ઘડામાં દૂષિત પાણી ભરેલું હોય પણ તેમાં આપણે શુદ્ધ પાણી રેડતા જ જઇએ તો ધીમે ધીમે દુષિત પાણી બહાર આવતું જશે અને આખરે દૂષિત પાણી માટે એમાં જગ્યા જ નહીં રહે. સતત શુદ્ધ પાણી ઘડામાં રેડવાથી એક વખત એવો આવશે કે ઘડો શુદ્ધ પાણીવડે જ છલકાઇ જશે. આ જ રીત આપણે આપણા અંતઃકરણના શુદ્ધિકરણ માટે તથા વ્યક્તિત્વના રૂપાંતરણ માટે અપનાવવાની છે. આપણે આપણને પોતાને પ્રભુથી સતત ભર્યા જ કરીએ, તો ધીમે ધીમે અંદર રહેલી અશુદ્ધિઓ અને વિષ માટે જગ્યા જ નહીં રહે. પ્રકાશ અને અંધકાર એક જગ્યાએ સાથે રહી શકે નહીં. તેમ જ પ્રભુના પવિત્ર અને પાપનાશક દિવ્યતત્ત્વથી આપણે પોતાને રંગી દેશું ત્યારે બધા જ દુર્ગુણો અને કુસંસ્કારોને આપણને છોડી દેવાની ફરજ પડશે. આપણું અંતઃકરણ ફક્ત શુદ્ધ અને નિર્મળ દિવ્યતત્ત્વ એવા પ્રભુથી જ વ્યાપ્ત થઇ જશે. આપણું ચિત્ત શુદ્ધ થતાં આપણું મન પણ સૂક્ષ્મ અને અંતર્મુખ બનશે. આપણામાં સંકુચિતતા, સ્વાર્થ અને સઘળા દુર્ગુણો નાશ પામશે અને



સદ્‌ગુણોનું ઉપાર્જન થશે. અને આપણા મૂળ સ્વભાવ એવાં આનંદ, શાંતિ અને પ્રેમ આપણી અંદર જાગૃત થશે. આપણે પોતે ઈશ્વર જેવા હોવાનો અનુભવ કરીશું અને દિવ્યતાથી પ્રકાશી ઊઠીશું. ઘણા બધા અનુભવો કર્યા પછી એટલે જ કબીર ગાઇ ઊઠે છે.

“સબ રસાયન મૈં કિયા, હરિ સા ઔર ન કોઇ,
તિલ એક ઘટમેં સંચરે, તો સબ તન કંચન હોઇ.”

પ્રભુમય જીવન કેવી રીતે ગાળવું, પ્રભુથી આપણે પોતાને કેવી રીતે વ્યાપ્ત કરવા તે બાબત અંગે આપણે હવે વિચારીએ.

પહેલી અને સૌથી અગત્યની બાબત આ માટે છે. પ્રભુ પ્રાપ્તિની ઉત્કટતા, પ્રભુ સાથે અનુસંધાન સાધવા માટે પ્રબળ ઉત્કટતા, ભક્તિ તથા પ્રભુ પ્રત્યે અનહદ પ્રેમ જરૂરી છે. રામકૃષ્ણ પરમહંસને કાને ‘ભગવાન.’ શબ્દ પડતાં જ તેમનાં રોમ રોમ ખડા થઇ જતાં. તે પ્રભુના પ્રેમમાં મસ્ત બની નાચવા માંડતા. સ્વામી રામતીર્થને પ્રભુનો વિયોગ એટલો સાલતો કે તે આક્રંદ કરતા અને આળોટતા. ભગવાન સાથેના અનુસંધાન છતાં તેમાં પૂર્ણતા નહોતી આવતી તેથી તેમણે ‘પ્રભુ તારો સાક્ષાત્કાર મને ન થાય તો મારે આ દેહનું કાંઇ જ કામ નથી.’ આમ કહી અનારાધાર વર્ષામાં ઉછળતી ગંગાનદીમાં પોતાના દેહને તેમણે ફેંકી દીધો અને ગંગામાતાના એક પ્રચંડ મોજાએ નદીની વચ્ચોવચ આવેલા એક ખડક પર તેમને મૂકી દીધા અને ત્યાં જ તેમને પ્રભુનો સાક્ષાત્કાર થયો. ગુરુનાનક વેપારી હતા અને હિસાબ ગણતાં ગણતાં ગ્યારહ, બારહ અને તેરા સુધી પહોંચ્યા ત્યાં જ તેરા....તેરાની રટ લાગી અને પ્રભુ પ્રેમમાં મસ્ત બની ગયા. સાક્ષાત્ જ્ઞાન એવા રમણ મહર્ષિ પણ

અરૂણાચલ શિવને રીઝવવા અશ્રુ વહાવી પ્રાર્થના કરતાં. આ બધા મહાત્માઓએ તો પોતાની ઉત્કટતાથી અને ભક્તિથી પ્રભુને પામી લીધા પણ ફક્ત તેમની ભક્તિની વાતો વાંચવા કે સાંભળવાથી આપણો ઉદ્ધાર થવાનો નથી. આપણે આપણને પૂછવું પડશે કે શું આપણે આપણી વર્તમાન સ્થિતિથી સંતુષ્ટ છીએ? આપણામાં પ્રભુના વિરહની વેદના છે? શું આપણે પ્રભુ સાથેની જુદાઇથી વ્યાકુળ થઇએ છીએ? શું આપણે પ્રભુને પામવા એક પણ અશ્રુ પાડીએ છીએ? તમે આ બધા સંતોની ઉત્કટતાનો એક ટકો તો ઉત્કટતા દેખાડી જુઓ. સાચા દ્રવ્યથી પ્રભુને વીનવી તો જુઓ કે 'હે પ્રભુ તું વાલિયા લૂંટારાને મળ્યો, તેં ભીલડી શબરીનું આંગણું પાવન કર્યું, રૈદાસ, ધન્ના જાર અને કર્માબાઇને તે તારાં બનાવ્યાં તો હું શું વાલિયા લૂંટારાથી પણ નીચ છું કે તું મને તારાથી દૂર રાખે છે?' તું કૃષ્ણરૂપે ઘનશ્યામ છે અને મારું અંતર પણ કાળું છે. આ બંનેના રંગ એક હોવા છતાં કેમ મારા અંતરને તારી પ્રત્યે આકર્ષણ થતું નથી? એકવાર તમે પ્રભુના વિરહમાં અશ્રુ પાડી તો જુઓ. પ્રભુ તો કરુણાનો સાગર છે. તમારા હૃદયના સાચા ભાવનો તે ભૂખ્યો છે. કોઇ સાચો ભક્ત તેને પોકારે તેની જ તે રાહ જુએ છે. તમે તેના તરફ એક પગલું ચાલશો તો તે તમારી તરફ દોડતો આવશે.

આવી ઉત્કટતા પ્રભુના અનુસંધાન માટે અત્યંત જરૂરી છે. દૂષિત થયેલાં હૃદયમાંથી નીકળેલ ભાવનું મોજું જ આપણને પ્રભુ તરફ લઇ જશે. પ્રેમ જ એ ચાવી છે કે જે પ્રભુ માટે દ્વાર– તમારા હૃદયનાં દ્વાર ખોલે છે. Love is the key which opens your heart for God. ઉત્કટ પ્રેમવડે જ તમે પ્રભુ



સાથે અનુસંધાન સાધી શકશો અને આવો પ્રેમ જ વિશ્વપ્રેમ અને બંધુત્વની ભાવનાનું રૂપ પામશે.

આ પછીની બીજી અગત્યની બાબત છે સતત પ્રભુના નામનું સ્મરણ કરવાની ટેવ પાડવી. ઊઠતા, બેસતાં, સૂતાં, જાગતાં, કામ કરતાં અને આરામ કરતાં સતત પ્રભુને યાદ કરો. સતત નામસ્મરણ કરો. ક્યારેક મોટેથી બોલીને તો ક્યારેક મનમાં. એમ સતત નામસ્મરણ કરવાની ટેવ પાડવાથી નામસ્મરણ આપણા રોજિંદા જીવન સાથે વણાઇ જશે. નામસ્મરણ એટલું પ્રભાવશાળી છે કે એને લીધે આપણે આપણને બદલાતા અનુભવશું. દિવ્યનામમાં ઘણી શક્તિ છે. કલિયુગમાં પ્રભુને પામવાનું તે સાધન ગણાયું છે. પ્રભુનું નામ તે તેનું શબ્દસ્વરૂપ છે. તે શાંતિદાતા છે. પ્રભુનું નામ સંસારના અફાટ રણમાં મીઠી વીરડી સમાન છે. નામસ્મરણથી મન વિશ્રામ પામે છે અને તે ભૂતકાળ કે ભવિષ્યમાં રહેવાને બદલે વર્તમાનમાં રહે છે તેને લીધે પણ આપણી આંતરિક શાંતિ વધે છે. સતત નામસ્મરણ કરતાં કરતાં જ્યારે તે સહજપણે આપણા અંતરમાં સતત ગૂંજે છે ત્યારે આપણા સઘળાં કર્મો પણ પ્રભુને જ અર્પણ થાય છે. કર્મ એ જ આપણી પૂજા બની જાય છે. આ જ કર્મયોગ છે, નામસ્મરણ સતત અને ખંતપૂર્વક લાંબો સમય કરવાની ટેવથી સુષુપ્તા અવસ્થામાં પણ તે અંદર સતત ચાલ્યા જ કરશે. સ્વામી રામતીર્થ સતત ૐ...ૐનું ઉચ્ચારણ કરતા. જાગૃત તેમ જ સુષુપ્તા અવસ્થામાં કરાતા નામસ્મરણના દિવ્ય પ્રભાવથી આપણું અંતઃકરણ શુદ્ધ થશે અને મન એકાગ્ર થશે. આપણામાં પ્રભુપ્રત્યે ભક્તિ પ્રગટશે. આપણા મનની સ્થિતિ દરેકપળે બદલાતી રહે છે તે ક્યારેક શાંત હોય છે, તો ક્યારેક

અશાંત. જ્યારે મન અશાંત હોય ત્યારે નામસ્મરણ કરવું શરૂઆતમાં અઘરું લાગશે પણ તે ત્યારે જ ખૂબ જરૂરી છે. અને તેનાથી જ મન ધીરે ધીરે શાંત થશે. બીજી એક મુશ્કેલી છે સતત નામસ્મરણ કરવાનું યાદ રાખવાની. આપણું મન એટલું ચંચળ હોય છે કે તે વિચારોનાઘોડા બેફામ દોડાવ્યા જ કરે છે. આથી આપણે સતત નામસ્મરણ કરવાનું ભૂલી જઈએ છીએ. પરંતુ સતત અભ્યાસ કરવાથી અને જ્યારે યાદ આવે કે તરત જ નામસ્મરણ પુનઃ શરૂ કરી દેવાથી ધીમે ધીમે આ મુશ્કેલી ઓછી થતાં થતાં દૂર થશે. અને આપણે જોઈ શકીશું કે આપણા અંતરમાં સહજ રીતે પ્રભુના દિવ્યનામનો ગુંજારવ સતત થયા કરશે.

આ ઉપરાંત સ્વાધ્યાય પણ પ્રભુથી જીવનને રંગવામાં ઉપયોગી છે. વેદો, ઉપનિષદો, ગીતા, સંતોએ સર્જેલ આધ્યાત્મિક સાહિત્ય આ બધાનું વાંચન, મનન અને ચિંતન એ સ્વાધ્યાય છે. જ્યારે આપણને સમય મળે ત્યારે નકામાં છાપાંઓ, મેગેઝીનો કે ટી. વી. પાછળ સમય બગાડવાને બદલે તેનો ઉપયોગ સ્વાધ્યાય માટે કરવો જોઈએ. નિયમિત રીતે મહાન સંતોના ઉપદેશો વાંચવાથી પ્રભુને પામવાની આપણી અભીપ્સાને પણ બળ મળે છે. તેમ જ આધ્યાત્મિક માર્ગે ચાલવા અને પ્રગતિ કરવા માટેનું પ્રોત્સાહન મળે છે. મહાન સંતોના શબ્દોમાં દિવ્ય શક્તિ હોય છે. એનાથી આપણામાં ભક્તિ જાગે છે, ચિત્ત શુદ્ધ થાય છે અને મન પવિત્ર અને સ્થિર થાય છે. સતત સ્વાધ્યાયની ટેવ પાડવાથી લાંબે ગાળે તેનાં અદ્ભુત પરિણામો જોવા મળશે.

આ બધાં સાથે આપણે સત્સંગને પણ સાંકળવો જોઈએ. જ્યારે પણ તક મળે ત્યારે સંતોનાં પ્રવચન અને સત્સંગનો લાભ લેવો જોઈએ. હવે તો ટી. વી.માં આવતા આવા અનેક



પ્રવચનોમાંથી આપણને જેમાં રસ પડે તે સાંભળી શકાય. બને તો કોઈ વાર કોઈ બ્રહ્મનિષ્ઠ સંત પાસેથી માર્ગદર્શન અને પ્રેરણા પણ મેળવતા રહેવી જોઈએ. એવા લોકો કે જેને માટે દુન્યવી ચીજો જ સર્વોપરી છે તેનો સંસર્ગ બને તેટલો ઓછો કરી એકાંતસેવન તથા ભક્તિભાવવાળા સજ્જનોનો સંસર્ગ વધારવો જોઈએ. અનુકૂળતાએ આધ્યાત્મિક સંસ્થાઓ દ્વારા યોજાતા પ્રાર્થના–ભજનમાં જવાથી પણ ફાયદો થાય છે.

(ક્રમશઃ)

સ્ત્રીમાત્ર પરમ શુદ્ધિ છે. સ્ત્રીમાત્ર જગદંબા છે. સ્ત્રી ના હોત તો પુરુષ જાણત નહિ કે પરમેશ્વર છે.

—યોગેશ્વરજી

**ઘર : ૨૪૮૦૪૨૮ ઓફિસ : ૨૩૬૦૩૭૬**
**મોબાઈલ : ૯૮૨૪૨૧૫૨૬૭**

**ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન**

**"સત્યવાન" તથા "ચંદન"**

**૬, ૮ તથા ૧૦ હો. પા.**

—: બનાવનાર :—

**કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ**

૧/W, ભક્તિનગર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, **રાજકોટ**–૩૬૦૦૦૨

# શ્રી શ્રી મા શારદાદેવી ભાવિની તૈયારી (૫)

(ગતાંકથી ચાલુ) પ્રો. અરુણિકા મનોજ

૬૩

ઠાકુરે એકવાર શ્રીમાને ભવિષ્યવાણી ભાખી હતી. ''જ્યારે હું વિચાર વગર બધાના જ હાથનું રાંધેલું જમીશ. કલકત્તામાં રાતો ગાળીશ અને મારા ખોરાકનો અગ્રભાગ બીજાને ખવડાવી પછી ખાઈશ ત્યારે જાણજો કે શરીર છૂટવાને બહુ વાર નથી.'' આ બધાં લક્ષણોએ દેખા દેવા માંડી. કલકત્તામાં ઠાકુર જાણીતા થયા એટલે નિમંત્રણ આવવા લાગ્યાં. ભાત સિવાય બીજા-ઓએ રાંધેલો બધો ખોરાક તેમણે લેવા માંડ્યો એટલે શ્રીમાને પેલી ભવિષ્યવાણી સંદર્ભે ચિંતા થવા લાગી.

શ્રીરામકૃષ્ણ શ્યામપુકુરમાં રહેવા આવ્યા અને ભક્તોને સમજાયું કે તેમની રાતદિવસ ચાકરી કરવા અને ખાસ રસોઇ કરવા શ્રીમાની આવશ્યકતા છે. ચાકરી તો ભક્તો કરે પણ રસોઇની વ્યવસ્થાનું શું? એ મકાનમાં સ્ત્રીઓને રહેવાની જુદી જગ્યા ન હતી, ત્યાં અતિ શરમાળ માતાજી સંકોચ છોડીને કેવી રીતે રહી શકે એ મોટો પ્રશ્ન હતો, છતાં ભક્તોએ પ્રસ્તાવ મૂક્યો કે તરત શ્રીરામકૃષ્ણ માટે સર્વસ્વ સમર્પણ કરવાની તૈયારીવાળાં માતાજીએ તો આનાકાની વગર એ પ્રસ્તાવ સ્વી-કારી લીધો.

એ મકાનમાં શ્રીમાએ સ્ત્રીસહજ સૂઝથી પોતાનાં કાર્ય માટે જગ્યા ખોળી લીધી. નાહવા માટે એક જ જગ્યા હતી એટલે શ્રી મા ત્રણ વાગે ઊઠીને નાહી લેતાં અને પછી છત પર ચાલ્યાં જતાં. ત્યાં ચાર હાથ જેટલી ચોરસ જગ્યામાં રસોઇ કરતાં.



રસોઇ થાય એટલે કોઇ મારફતે નીચે ખબર મોકલાવતા. બધા ભક્તો ઠાકુરના ઓરડામાંથી બહાર જતા એટલે શ્રીમા અથવા કોઇ સેવક ખાવાનું લઇ જતા. બપોરે પણ શ્રીમા ત્યાં જ આરામ કરતાં. રાતના અગિયાર વાગ્યે સહુ સૂઇ જાય પછી નીચેની નાની ઓરડીમાં આવીને સૂતાં. ફક્ત રાતની ત્રણચાર કલાકની ઊંઘ. છતાં ઠાકુર માટે શ્રી મા શાંતિથી બધું સહી લેતાં. ત્યાં પ્રતિદિન આવતા લોકોને તેમની હાજરીની ખબર જ પડતી નહીં. આમ અઢીમાસ તેમણે પસાર કર્યા.

વ્યાધિનું જોર વધતાં, ડોક્ટરની ભલામણથી શહેરની બહાર કાશીપુરમાં બંગલો ભાડે રાખી રહ્યા. ત્યાં સગવડો વધારે હતી. તેમ હવે ઉત્તરોત્તર ત્યાગી ભક્તોની સંખ્યા પણ વધતી જતી હતી. હવે 'શ્રી રામકૃષ્ણ સેવા સંઘ'ની રચના થવા માંડી. શ્રીમાને રોજ સીડી ચઢીને ખાવાનું આપવા જવું પડતું. એક દિવસ શ્રી મા દૂધ લઇને ચઢતાં હતાં. ચક્કર આવ્યાં ને પડી ગયાં. પાનીનું હાડકું ખસી ગયું અને શ્રીમાનું હરવાફરવાનું બંધ થઇ ગયું. ત્રણેક દિવસમાં શ્રીમાએ પાછું કામ સંભાળી લીધું. એ ત્રણેક દિવસ ગુલાબમાએ એ જવાબદારી ઉપાડી લીધી. કાશીપુરમાં દરેક કામની પાછળ શ્રીમાનો અદૃશ્ય મંગલમય હાથ રહેતો હતો એમ સહુ જાણતા અને શ્રીમા જ દરેકના હૃદયમાં આશા અને આનંદનો સંચાર કરતાં.

શ્રીરામકૃષ્ણે ષોડશીપૂજાને અંતે બધી સાધનાનું ફળ શ્રીમાને આપ્યું હતું. શ્રીમાએ પોતાના સત્ચરિતથી, વ્યવહારના સૌંદર્ય-થી સેવાભાવથી એ તપસ્યાને વિકસાવી. ભક્તોના મનમાં શ્રદ્ધા, ભક્તિ અને પ્રેરણા જગાડ્યાં. શારીરિક ક્લેશો વેઠીને પણ સહનશીલતાનો આદર્શ રજૂ કર્યો.

શ્રીરામકૃષ્ણ તથા શ્રીમા પરસ્પરને બરાબર સમજતાં. એક-બીજાને ન ગમે એવું કોઇ કામ કરતાં નહીં. શરીરથી દૂર રહેવા છતાં એમના આત્માનું ઐક્ય એવું તો સધાયેલું રહેતું કે વગર કહ્યે તેઓ એકબીજાના હૃદયની વાત સમજી શકતાં. એનાં અનેક ઉદાહરણો એમનાં જીવનમાંથી મળે છે.

શ્રીરામકૃષ્ણે શ્રીમાની એકથી વધારે વખત કસોટી કરી હતી અને શ્રીમા તેમાં સફળતાથી પાર ઊતર્યાં હતાં.

(૧) એકવાર રામકૃષ્ણે પત્નીને પૂછ્યું હતું : ''તમે મને સંસારમાં ખેંચી જવા આવ્યાં છો?'' અચાનક પૂછાયેલા પ્રશ્નના પ્રત્યુત્તરમાં શ્રીમાએ કહેલું ''હું તમને સહાય કરવા આવી છું.''

(૨) એક દિવસ ઠાકુરે દારૂડિયાની જેમ લથડતા પગે પ્રવેશીને પૂછ્યું : ''શું મેં દારૂ પીધો છે? મારા પગ કેમ લથડે છે?'' ત્યારે માતાજીએ કહ્યું : ''તમે તો મા કાલીનું ભાવામૃત પીધું છે.''

(૩) આગળ જોઇ ગયા તેમ એકવાર ઠાકુરના ભોજનની થાળી એક સ્ત્રીએ શ્રીમા પાસે માગી. શ્રીમાએ આપી. ત્યારે ઠાકુરે માને કહ્યું : ''વચન આપો કે મારી થાળી કોઈના હાથમાં નહીં સોંપો.'' શ્રીમાએ જવાબ આપ્યો : ''હું મા છું, ના કેમ કહું? તમે બધાના છો મારી એકલીના ઓછા છો?''

(૪) એકવાર એક મારવાડીએ ઠાકુરને પૈસા આપવા માંડ્યા. ઠાકુર તો પૈસાને હાથ પણ લગાડતા નહીં. એટલે તેમણે મારવાડી પાસેથી પૈસા લીધા નહીં અને મારવાડીને શ્રીમા પાસે મોકલ્યા. શ્રીમાએ જવાબ આપ્યો : ''હું લઉં તે તમે લીધા બરાબર જ ગણાય કારણ કે એ પૈસાનો હું તમારે માટે ઉપયોગ કરું.''



આમ આ બધી કસોટીઓમાં શ્રીમા ઉત્તીર્ણ થયાં હતાં. સર્વ પ્રકારની પ્રતિકૂળતા વચ્ચે સ્થિર રહીને ઠાકુર સાથે માતાજી એકતાનો અનુભવ કરતાં રહ્યાં હતાં.

શ્રીમા ચંદ્રમાને જોઇ કહેતાં : ''મારું અંતર તારી જ્યોત્સ્ના જેવું નિર્મળ કરી દે.'' ખરે જ માતાજીનું મન એવું જ નિષ્કલંક નિર્મળ હતું. નિત્ય ધ્યાનજપને કારણે તેમનું મન વિશેષ ને વિશેષ આધ્યાત્મિક ભાવરાજ્યમાં તલ્લીન થતું ગયું. ઠાકુર તેમની આધ્યાત્મિક ભાવનાને ઉચ્ચ કોટિ પર લઇ જવા અને એમની આધ્યાત્મિક માર્ગદર્શક તરીકેની સુષુપ્ત શક્તિને જાગૃત કરવા ઇચ્છતા હતા તેથી તેમને લૌકિક તેમ જ આધ્યાત્મિક બધી રીતની શિક્ષા દીક્ષા અને પ્રેરણા આપતા હતા અને એ રીતે એમના જીવનના પ્રધાન ઉદ્દેશ અને કર્તવ્ય માટે તૈયાર કરતા હતા.

પોતાની જીવનલીલા સમાપ્ત કરતાં પહેલાં ઠાકુર ભક્તોને માતાજીનો મહિમા જણાવવા ઇચ્છતા હતા. એટલે તેઓ માતાજીની પૂજા કરી હંમેશા એમની તરફ આદર બતાવી તેમનામાં રહેલા દૈવીતત્ત્વોનો ઉલ્લેખ કરતા. પોતે સાધનાથી જે મંત્રોને સજીવન અને શક્તિશાળી કર્યા હતા, તે મંત્રો ઠાકુરે માતાજીને યોગ્ય સમયે શીખવ્યા અને અધિકાર પ્રમાણે સાધકોને સાધક જીવનની કઇ કક્ષાએ કયો મંત્ર આપવો તે પણ શીખવ્યું અને એ રીતે ભવિષ્યમાં સાધકોને માર્ગદર્શન આપવા માટે માતાજીને તૈયાર કર્યાં. ભવિષ્યમાં સહુનાં પૂજનીય માતાજી તરીકે ઊભરનાર શારદામણિદેવીની આંતરશક્તિને ઉજાગર કરવા ઠાકુરે પૂરેપૂરી તૈયારી કરી લીધી. એમના અંતરમાં રહેલા માતૃભાવ વિકસાવવા માટે તેમની પાસે સ્ત્રીઓ તથા બાળકોને મોકલતા અને એ સર્વને કેવી રીતે દોરવણી

આપવી તે પણ શીખવતા.

શ્રીરામકૃષ્ણ જગતમાં સર્વને માતૃભાવે જોતા અને આ માતૃભાવના વિકાસ માટે તેમણે શારદામણિદેવીને શ્રીમારૂપે તૈયાર કર્યાં હતાં. શ્રીરામકૃષ્ણના લીલાસંવરણ સમયે માતાજી-ની ઇચ્છા પણ દેહ છોડીને ચાલ્યા જવાની જ હતી. પણ ઘણું કામ બાકી હતું. તેથી માતાજીને પોતાનો દેહ ટકાવી રાખવો પડ્યો. શ્રીરામકૃષ્ણે તેમને સમજાવ્યું હતું કે તમારે આ અંધ-કારમાં સબડતાં લોકો માટે મેં કર્યું છે તેથી વિશેષ કરવું પડશે. ટૂંકમાં તેઓ શ્રીમાને તેમની જવાબદારીની વાત યાદ પણ કરાવતા, સાથે તેમની શક્તિના વિકાસ માટે જરૂરી વાતાવરણ તૈયાર કરવા ભક્તોને માતાજી પાસે મોકલતા અને એ રીતે આધ્યાત્મિક જવાબદારીઓ સંભાળવા પ્રેરતા. એ રીતે શ્રીરામ-કૃષ્ણના યુગધર્મપ્રવર્તનના પ્રયાસ સાથે માતાજી સંકળાતાં જતાં હતાં. આ કૃપાશક્તિના વિકાસનો પ્રવાહ કુદરતી રીતે જ એમના માતૃસ્નેહના સ્વરૂપે જ ઠાકુરના યુગધર્મપ્રવર્તનના કાર્ય-માં વહેતો થતો હતો.

માતૃત્વનો ભાવ તો શ્રીમામાં નાનપણથી જ હતો. પરિ-વારમાં સૌથી મોટાં. નાનપણમાં નાનાં ભાઈભાંડુઓને તેમણે માતાની મમતાથી ઉછેરેલાં. દક્ષિણેશ્વરમાં ભક્તોને માતૃભાવથી જમાડતાં. કાલીમાનો પ્રસાદ થોડો રાખી, બાકીનો સહુને વહેંચી દેતાં. પોતાનું અવારનવાર અપમાન કરનાર ભાણેજ હૃદયરામ પર ક્યારેય ગુસ્સો ન કરનાર, તથા કોઈ માગે તો હું ના કેમ કહું? હું મા છું ને એમ કહેનાર, રામકૃષ્ણના દેહાવસાન પછી સહુ ભક્તોની નાનીમોટી ચિંતા કરી. જતન કરનાર અદ્‌ભુત માતૃત્વ—શક્તિનું દર્શન તેમના જીવનમાં થાય છે. તેમના સમગ્ર જીવન પર દૃષ્ટિપાત કરતાં માતૃત્વનું વિલક્ષણ સાતત્ય



આમ સહેજે દૃષ્ટિગોચર થાય છે. નિઃસ્વાર્થ સેવાભાવ, સહન-શીલતા, ક્ષમા, ઉદારતા, સહજ પ્રેમભાવ, સર્વના કલ્યાણની ખેવના—આ બધા સદ્‌ગુણો તેમનામાં અદૃશ્યપણે રહેલા સહજ નિર્વ્યાજ માતૃભાવના દ્યોતક છે. શ્રી મા ખરે જ મા જગદંબા હતાં અને યોગિનમા તથા ગુલાબમા શ્રીમાની અવતારલીલાની સખીઓ જયા—વિજયા સમાં હતાં.

(ક્રમશઃ)

સ્ત્રીઓ રાષ્ટ્રની માતા છે, એ સંપૂર્ણ સત્ય છે. સ્ત્રી-ઓએ જો આવતી કાલના રાષ્ટ્રને ઉન્નત બનાવવું હોય તો તેમણે પોતે ઉન્નત અને સંસ્કારવાન બન્યાવિના છૂટકો નથી. જેને સેવા કરવી છે તેને પણ આજ નિયમ લાગુ પડે છે. બહારની ટાપટીપ છોડી સંયમી બનવું પડશે.

— યોગેશ્વરજી

**આ દિવસો પણ ચાલ્યા જશે.**

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,
મોરબી-૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨,૨૨૬૯૦૩

પૂ. શ્રી યોગેશ્વરજીની અમૃતવાણી

# પુરુષોત્તમયોગ

(જુલાઈ–૨૦૦૫નું અનુસંધાન) **શ્રી યોગેશ્વરજી**

(પૂ. શ્રીએ ભારતીય દર્શનશાસ્ત્રોના અર્કને લોકભોગ્ય શૈલીમાં સાધકોનાં જીવનને કંડારવા ૧૯૮૪ સુધી પુરુષોત્તમયોગ, ધ્યાનયોગ, ભક્તિયોગ, ગીતા ઉપર પ્રવચનો આપેલાં. આ પ્રવચનોની ઓડિયો કેસેટો તૈયાર કરવામાં આવી છે. આ કેસેટમાં પૂ. શ્રીની જે વાણી સાંભળવા મળે છે તે પરમાત્માના અમૃતરસ સમી છે માટે 'પૂ. શ્રીની અમૃતવાણી' શૃંખલા શરૂ કરતાં આનંદ થાય છે. પ્રભુ સ્વરૂપે પધારેલા પૂ. યોગેશ્વરજીની અમૃતવાણી આજે પણ સાંપ્રત સમયમાં શીતળતા આપનારી ને ચિરંતન સાહિત્યને પુષ્ટિ આપનારી બની છે. **—તંત્રી**)

વિચાર કરો કે સંસારને પીપળાની સાથે ભગવાને કેમ સરખાવ્યો? મને ઘણીવાર એવું લાગે અને ઘણાં ભાઈઓને એવું લાગે કે લીમડા સાથે સરખાવ્યો હોત તો શું ખોટું હતું? લીમડો આમ ઉપયોગી, મેલેરિયા નાશક, આપણે લીમડાના પાંદડા ખાઈએ. ગાંધીજી ખાતા. ગાંધીજીના જીવનમાં એવું આવે. પરમહંસ યોગાનંદે પોતાની આત્મકથા Autobiography of a Yogi લખી છે. એમાં એક ઠેકાણે લખ્યું છે કે 'હું અમેરિકાથી ભારતમાં આવ્યો, ગાંધીજી સેવાગ્રામમાં હતા એટલે એમના દર્શન કરવા હું ગયો અને સેવાગ્રામમાં થોડો વખત રહ્યો. જમતી વખતે મને કહ્યું કે 'તમે પણ જમવા બેસજો. ગાંધીજીની સાથે જમવા બેઠો તો ગાંધીજીની થાળીમાં લીમડાનાં થોડાં પાંદડાં મૂકવામાં આવ્યાં. મારી થાળીમાં પણ મૂકવામાં આવ્યાં. યોગાનંદજી લખે છે કે મને કાંઈ લીમડો ગમ્યો નહીં. રુચિકર લાગ્યો નહીં. પણ ગાંધીજી તો પાંદડા કડકડ ચાવવા લાગ્યા. ટેવાયેલા હતા. જીવનમાંય જયાં લીમડા હતા ત્યાં ચાવી જતા ગાંધીજી. બધાય માણસો કાંઈ ચાવી ના શકે. કડવાશ ચાવી ન શકે, પ્રતિકુળતામાંથી પસાર ન થઈ શકે. એટલે યોગાનંદજી કહે છે કે ગાંધીજીએ સ્વાદેન્દ્રીયને પૂરી રીતે જીતી હતી. ગાંધીજીની પ્રશસ્તિ કરે છે—તે સાચા સંત હતા, આદર્શ મહાત્મા હતા જેમણે પોતાના મન પર, ઈન્દ્રિયો પર, વાણી પર અધિકાર પ્રસ્થાપેલો હતો. એટલે એ રીતે લીમડો બહુ ઉપયોગી, પણ ગીતામાં સંસારને લીમડા સાથે સરખાવ્યો નથી.



કેટલીકવાર આપણને થાય કે આંબાની સાથે સરખાવ્યો હોત તો શું વાંધો હતો? હાફુસ કેરીવાળા આંબા, કેસર કેરીવાળા આંબા, આંબાની સાથે સરખાવે તો! ફળ ઉપયોગી છે.

વડની સાથે સરખાવે તો શું વાંધો? વડની વડવાઈઓ ફાલતી જ જાય એમ આ સંસાર ફાલતો જ ગયો. ''આદૌ બ્રહ્મ એકિને, આદૌ બીજ એકિને.'' તુકારામ મહારાજ લખે છે કે આદિમાં પહેલાં તો એકલું બીજ હતું. વેદ લખે છે **'हिरण्यगर्भ समवर्तताग्रे, भूतस्य जात पतिरेकासे'** સૌથી પહેલા હિરણ્યગર્ભ હતા, પરમાત્મા જ હતા. તો આદિમાં તો એક જ હતા. એમાંથી જ આ વડવાઈઓ ફૂટીને વિશાળ બ્રહ્માંડનો વડલો થયો. તો વડ સાથે સંસારને સરખાવ્યો હોય તો શું વાંધો હતો?

બાવળ સાથે સરખાવ્યો હોત તો શું વાંધો હતો? દાતણ કરવાના કામમાં લાગે! કોઠાના ઝાડ સાથે સરખાવ્યો હોત તો!

કોઠાની ચટણી જેણે ખાધી હોય તેને ખબર હોય કે કેટલી બધી મજાની છે. આ પીપળા સાથે સરખાવવાથી શું ફાયદો? પીપળા સાથે કેમ સરખાવ્યો? અને એટલે આપણે કહીએ કે પીપળામાં બધા દેવોનો વાસ, પીપળાના પાંદડા તોડવા નહીં, ડાળીઓ કાપવી નહીં. એની અંદર આયુર્વેદની દૃષ્ટિએ ઘણા ગુણો સમાયેલા છે. છતાં ભગવાને સંસારને અશ્વત્થ સાથે સરખાવ્યો છે. એની પાછળ પણ કાંઈક રહસ્ય છે. ઉપનિષદે પણ અશ્વત્થ સાથે સંસારને સરખાવ્યો છે એની પાછળ પણ કાંઈક રહસ્ય છે. પરમાત્માની સાથે યોગ કરવાની અભિલાષાવાળા જે સાધકો હોય એમણે સંસારના સ્વરૂપને ઓળખવો જોઈશે. સંસારનું રૂપ જે પુરુષોત્તમયોગમાં, ગીતામાં કહેવામાં આવ્યું તેને ઓળખીને યાદ નહીં રાખીએ ત્યાં સુધી ડગલે ને પગલે સંસારના પ્રલોભનોમાં ફસાવાનો સંભવ રહેશે. સંસારની આસક્તિઓમાંથી આપણે મુક્તિ નહીં મેળવી શકીએ.

પુરુષોત્તમયોગમાં સંસારરૂપી વૃક્ષને 'અશ્વત્ત્થ' કહેવામાં આવ્યું છે. આપણે જોયું હતું કે જુદા-જુદ્દા વૃક્ષની સાથે સંસારરૂપી વૃક્ષને સરખામણી કરવામાં આવી હોત તો કાંઈ ખોટું ન હોતું. ખાસ કરીને વડના વૃક્ષની સાથે સંસારના વૃક્ષની સરખામણી કરવામાં આવી હોત તો સંસારનો જે વિસ્તાર છે તે વિસ્તારનો હુબહુ ચિતાર આપણી નજર સામે આવી શક્યો હોત.

એક જ બીજમાંથી ધીરે ધીરે વડના વિશાળવૃક્ષની સૃષ્ટિ કેવી રીતે થાય છે. તેવી જ રીતે એક પરમાત્મામાંથી એક જ પરમાત્મા—પરબ્રહ્મ—જે સંસારના આરંભમાં હોય તેમાંથી ધીરે ધીરે સમસ્ત સંસાર ઉદ્‌ભવે છે. વૃક્ષ ઉપરથી આપણને ખબર



પડે. ઘણા માણસો પોતાના મનમાં વિચાર કરતા દેખાય છે કે પરમાત્મા અમુક જ પ્રકારના હોય તો સંસાર આટલો બધો જુદા—જુદા રૂપો ને રંગોવાળો તથા રસોવાળો કેવી રીતે થઈ ગયો? આ બધું શું પરમાત્માની અંદર રહેતું હશે? તો આપણે એમ કહીએ છીએ કે જુઓ કેરીનો નાનો સરખો ગોટલો હોય, એ કેરીના ગોટલાને સૌથી પ્રથમ આપણે જમીનમાં વાવીએ, જેટલું જરૂરી હોય તેટલું ખાતર, પાણી પૂરું પાડીએ તો છેવટે એમાંથી નાનાં સરખા છોડની સૃષ્ટિ થાય છે. પછીથી વિશાળ આમ્રવૃક્ષ બને છે. આમ્રવૃક્ષ બને છે ત્યારે ગોટલા કરતાં તદ્દન જુદી જ જાતનું દેખાય છે.

ઘણું મોટું, જાડું ને મોટું થડ, વિશાળ શાખાઓ ને પ્રશાખાઓ પર્ણો, ને, પછીથી ધીરે ધીરે એને મોર(ફૂલ) આવે, પછી ધીરે ધીરે જુદી—જુદી જાતની એના પર કેરીઓ થાય. એક જ ગોટલામાંથી આ રીતે રૂપ અને રંગવાળો વિશાળ આંબો થાય છે. એવી રીતે એક જ પરમાત્મામાંથી જુદી-જુદી જાતના વિશાળ રંગવાળી, રસવાળી, આકૃતિવાળી સૃષ્ટિનો ઉદ્‌ભવ થઈ શકે. આપણે જગતની અંદર એ બધું જોતા આવ્યા છીએ. તેવી રીતે આ સૃષ્ટિનો વિસ્તાર ને આ સૃષ્ટિના વિસ્તારને બતાવવા માટે પુરુષોત્તમયોગમાં કહેવામાં આવ્યું છે કે આ જે વિશાળ વૃક્ષ છે સૃષ્ટિનું, એની શાખાઓ ઉપર ને નીચે સુધી ફેલાયેલી છે.

ઉપર જે જુદી—જુદી જાતના દિવ્યલોકોનું વર્ણન શાસ્ત્રોની અંદર કરવામાં આવ્યું છે તે દિવ્ય લોકો સુધી અને નીચેના જે વિસ્તારો છે—લોકો છે તે મૃત્યુલોક વિગેરે. અને મૃત્યુલોકમાં પણ પશુ,પક્ષી,વનસ્પતિ, જુદી—જુદી જાતની જે યોનિઓ છે તે યોનિઓના સ્વરૂપમાં આ સંસારરૂપી વિશાળ વૃક્ષનું વિસ્તરણ

થયેલ છે. એક જ પરમાત્મામાંથી—**एको देवः सर्व भूतेषु भूतः सर्वव्यापी सर्वभूतान्तरात्मा**—એક જ પરમાત્મા સૌના પર શાસન કરનારા, સૌના અંતરાત્મામાં બનીને રહેલા, જુદા—જુદા સ્વરૂપે પ્રક્ટ થયેલા, એક જ પરમાત્મામાંથી સંસારનું વિસ્તરણ થયેલું આપણને દેખાય છે. પરમાત્મા જ સંસારના સ્વરૂપની અંદર જાણે કે પ્રક્ટ થયા હોય—પ્રતીત થતા હોય તેવું જ્ઞાનીઓ અનુભવે છે. પરમાત્મા પોતે જ સંસારના સ્વરૂપની અંદર પણ છે તેવી રીતે ગોટલો વૃક્ષની અંદર પરિણત થાય એવી રીતે પરમાત્મા—પરબ્રહ્મ જેમાંથી આ વિશ્વની સૃષ્ટિનો ઉદ્‌ભવ થાય તે પરમાત્મા પોતે જ બ્રહ્માંડના સ્વરૂપમાં અથવા તો વિશ્વના સ્વરૂપમાં દેખાય છે.

સંસારરૂપી વૃક્ષને વડની સાથે સરખાવવાને બદલે પીપળાના વૃક્ષની સાથે ભગવાને કેમ સરખાવ્યો ? સંસારરૂપી વૃક્ષને બીજાં ઘણાં વૃક્ષની સાથે સરખાવી શકાય. લીમડાની સાથે પણ સરખાવી શકાય, પણ પીપળાની સાથે ભગવાને સરખાવ્યો છે. એનો વિશેષ મર્મ આપણને જાણવા મળે છે.

સંસ્કૃત ભાષાની અંદર પીપળાને પુરુષોત્તમયોગમાં 'અશ્વત્ત્થ' નામ આપેલું છે ને 'અશ્વત્ત્થ' શબ્દની અંદર જે સાર સમાયલો છે તેવો સાર બીજા કોઈપણ શબ્દની અંદર સમાયલો દેખાતો નથી. ભગવાન પુરુષોત્તમયોગ દ્વારા જે કાંઇ સૂચવવા માગે છે તે સૂચના અશ્વત્ત્થ શબ્દની અંદર જ સુચારુરૂપે આપણને સંપૂર્ણપણે રહેલી દેખાય છે. અશ્વત્ત્થ શબ્દનો ભાવ જ એવો થાય છે કે 'અ' એટલે નહીં 'શ્વસ' એટલે આવતી કાલે 'તિષ્ઠ' એટલે રહેવું. 'અશ્વત્ત્થ'—આજે જે છે તે આવતીકાલે તેવું નથી. આજે છે તેવું ભૂતકાલમાં પણ નહોતું.



આજે જે છે તે પરિવર્તનશીલ છે એક સરખા સ્વરૂપની અંદર—રહેતું નથી. નિત્ય નથી પણ અનિત્ય છે. સનાતન અથવા તો શાશ્વત નથી પરંતુ કામચલાઉ છે. એની અંદર રૂપાંતરની પ્રક્રિયા ચાલ્યા જ કરે છે.

જે વૃક્ષને આપણે જોઇએ છીએ, જે પદાર્થોનુ આપણે દર્શન કરી રહયા છીએ. આપણું પોતાનું શરીર પણ આપણે જોઇએ છીએ. એની અંદર નિરંતર ક્ષણે ક્ષણે—પળે પળે પરિવર્તનની પ્રક્રિયા ચાલ્યા જ કરે છે.

એક દિવસ આપણને મહારાજા દશરથની પેઠે સમજાય છે. 'ઓહોહો ! આટલો બધો ફેરફાર થઇ ગયો છે.' રામાયણમાં આવે છે કે મહારાજા દશરથ એક વાર પોતાની મુખાકૃતિને અરીસામાં જોઇ એટલે એમને આશ્ચર્ય થયું કે 'ઓહોહો! આટલો બધો ફેરફાર મારી અંદર થઇ ગયો છે. મને તો આની કઇ ખબર જ નહોતી!'

રોજ કદાચ અરીસામાં નહીં જોતા હોય. જોતા હશે તો ધ્યાનપૂર્વક નહીં જોતા હોય. એ દિવસે ધ્યાનપૂર્વક જોયું હશે એટલે તરત જ એમને ખબર પડી કે કાનની ઉપરનો જે વાળ છે તે ધોળો થઇ ગયો છે. આટલી જ વાત હતી. મહારાજા દશરથને આટલું જણાયું કે કાનની ઉપરનો વાળ ધોળો થઇ ગયો છે. ધોળા વાળનું જે અવલોકન હતું તે મહારાજા દશરથને માટે ક્રાંતિકારી સાબિત થઇ ગયું.

મહારાજા દશરથે વિચાર કર્યો કે વાળ ધોળો થઇ ગયો એનો અર્થ એમ કે વૃદ્ધાવસ્થા હવે બહુ દૂર નથી. આવી રીતે બધાજ વાળ ધોળા થતા જશે, દાંત પડતા જશે. **अंगं गलितं पलितं मूंडं दशनविहिनं जातम् तूण्डं.** આ રીતની પ્રક્રિયા હવે

ધીરે ધીરે પ્રારંભાસે તો હવે મારે ચેતી જવું જોઇએ.

અત્યાર સુધી યુવાવસ્થા હતી, પ્રૌઢાવસ્થા હતી તો સંસારના સુખોપભોગને ભોગવ્યા. અત્યારસુધી તો કંઇ આત્માનું ચિંતન જે પ્રકારે કરવું જોઇતું હતું તે પ્રકારે કર્યું નહીં. પરંતુ આ સફેદ વાળ આવ્યો એનો અર્થ એમ થઇ ગયો કે મારે જાગૃત થઇ જવું જોઇએ. જો કે હમણાં તો નાનપણથી સફેદ વાળ કેટલાકને થાય છે. કાંઇ વૃદ્ધાવસ્થામાં જ સફેદવાળ થાય એવું ઘોર કળીકાળની અંદર આપણને દેખાતું નથી.

બધા જ નિયમો જાણે કે બદલાતા જતા હોય કુદરતના એવું આપણને લાગ્યાં કરે છે. પણ તે સમયે તો કુદરત પોતાના કાર્યો ને ચોક્કસ નિયમોની વ્યવસ્થામાં રહીને કરતી હતી એટલે દશરથરાજાને લાગ્યું કે સફેદ વાળ આવ્યો, હવે વૃદ્ધાવસ્થા બહુ સમીપ છે ને મૃત્યુ કાંઇ બહુ દૂર નથી. મારે ચેતી જવું જોઇએ. વધારે ને વધારે સમય ભગવદ્ ભજનની પાછળ કાઢવો કરવો જોઇએ. આત્મચિંતનની પાછળ મારા બહુમૂલ્ય સમયને લગાડી દઉં. જીવનના શેષ દિવસો છે તેમાં જેટલી પણ શાંતિ પ્રાપ્ત કરી શકાય તેટલી શાંતિ પ્રાપ્ત કરવાને માટે પ્રયત્નો આદરવા જોઇએ. એટલે પોતે વશિષ્ઠ મુનિ પાસે પહોંચી ગયા.

વશિષ્ઠ મુનિ પાસે પહોંચ્યા પછીથી કહ્યું કે 'સફેદ વાળ'. વશિષ્ઠ મુનિએ કહ્યું કે શી વાત છે? આ 'સફેદવાળ' કેમ થયો. દશરથરાજાએ કહ્યું કે બસ! આ સફેદ વાળ મેં જોયો એટલે મને થયું કે મારે જાગૃત થઇ જવું જોઇએ. હવે મારે રાજ્ય ન કરવું જોઇએ. રાજ્ય મારા જે સુપુત્ર છે તે સુપુત્ર રામને સુપરત કરી દેવું જોઇએ. હવે મારે રાજ્ય નહીં કરવાનું. વૃદ્ધાવસ્થા નજીક



આવી ગઇ છે એટલે મારે એકાંતવાસ કરી અને આત્મદર્શન માટેની સાધનાનો આરંભ કરી શાંતિ પામવા માટે પ્રયત્ન કરવો જોઇએ.' કેવો આદર્શ ભારતવર્ષની અંદર હતો તે આ રામાયણ પરથી સમજાય છે.

અત્યારે તો જીવની કાંઇ પરિસ્થિતિ જ એવી છે કે વૃદ્ધાવસ્થા આવે તો પણ આર્થિક સમસ્યાઓને લીધે માણસને કામ, ધંધા, નોકરી વગેરે કરવા પડે છે. કેટલાક માણસ વૃધ્ધ થઇ જાય, સરકારી નોકરીમાં હોય તો, એમને નિવૃત્ત થઇ જવું પડે માટે નિવૃત્ત થાય. કેટલાક માણસો કામો કરતા વળી પાછા દેખાય છે. ખાસ કરીને આપણા દેશમાં ઘડપણમાં બધાયને નિવૃત્ત કરવામાં આવે, જેમને નિવૃત્ત ન થવું હોય તેમને પણ નિવૃત્ત કરવામાં આવે, પરંતુ રાજનીતિજ્ઞો નિવૃત્ત થતા નથી. રાજનીતિજ્ઞોનો એક એવો વર્ગ છે જેમાં ઘરડાઓ જ વધારે ભાગે હોય છે. ગવર્નરો ઘરડાઓને કરવામાં આવે, બધેયથી હવે ફરી ફરીને થાક્યો હોય, ક્યાંય પણ ન હોય તેને ગવર્નર બનાવે. રાષ્ટ્રપતિ પણ ઘરડા હોય એને બનાવવામાં આવે છે. એટલે સુધી કે ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખપદે પણ ઘરડાઓની જ વરણી કરવામાં આવે છે. ઘણા મોટા થઇ જાય ત્યાં સુધી રાહ જોયા કરે, અને પ્રમુખ તરીકે વૃદ્ધનું નામ સૂચવવામાં આવે છે. એને બદલે યુવાવસ્થામાં સત્કર્મ પરાયણ બનવું જોઇએ અને સત્કર્મ પરાયણ બન્યા હોય તેને પુરસ્કૃત કરવા જોઇએ. તેમને આપણે અંજલિ આપવી જોઇએ તો તે ઘણી સારી વાત છે.

(ક્રમશઃ)

○

# રસેશ્વરી

(ગતાંકથી ચાલુ) **શ્રી યોગેશ્વરજી**

યશોદા એ પ્રસ્તાવ સાથે સંમત થઇ એટલે કૃષ્ણે પોતાનું મુખ ખોલ્યું.

યશોદા બોલી :

'મોઢામાં માટીની રજ પણ મળશે તો તારું આવી બન્યું સમજજે.'

શ્રીદામા તથા બીજા બાળકો રાજી થઈને બોલી ઊઠયા.

'હવે જોવા જેવું થશે.'

પરંતુ ત્યાં તો યશોદા એકાએક આભી બનીને બોલી ઊઠી :

'અરે, આ હું શું જોઇ રહી છું ? આવું તો મેં કદી પણ નથી જોયું. આ તે સાચું કે ખોટું ?'

એ આંખ ચોળવા માંડી, પરંતુ કૃષ્ણના મુખનુ દર્શન ના બદલાયું.

એ મુખમાં માટીનું નામ નિશાન ન હતું. માટીને બદલે એ અદ્‌ભુત મુખમાં બ્રહ્માંડના જુદાજુદા પદાર્થો દૃષ્ટિગોચર થવા લાગ્યા.

યશોદા એ જોઇ ને સ્તબ્ધ બની ગઇ.

કૃષ્ણની લીલાની એને કશી સમજ ના પડી.

એ લીલા એની સામાન્ય બુદ્ધિથી પર હતી.

'હવે તું જ કહે કે મેં કેટલી માટી ખાધી છે ?' કૃષ્ણે પોતાની લીલાને સંકેલી લઇને પૂછ્યું; ' મને શું માટી ગમે છે ? મને આટલું બધું ખાવાનું મળે છે પછી માટી શા માટે ખાઉં ? દૂધ,



દહીં તથા માખણમાં જે સ્વાદ મળે છે તે માટીમાં થોડો જ મળી શકે છે ? શ્રીદામાએ તને ખોટા પાયા વિનાના સમાચાર આપ્યા લાગે છે.'

'ના. મેં ખોટા સમાચાર નથી આપ્યા.' શ્રીદામાએ તરત વિરોધ વ્યક્ત કર્યો.

'તો શું સાચા આપ્યા છે ?'

'હા.'

'બિલકુલ નહિ.'

'સાચા આપ્યા છે. સાચા આપ્યા છે.' બીજા બે-ત્રણ છોકરાઓ બોલી ઊઠ્યા.

'તમે બધા જુઠું બોલો છો. મેં માટી ખાધી હોય તો મારા મુખમાં માટી ના દેખાય ?'

'તે તો ના પણ દેખાય.'

એવું બનેજ નહિ.'

'હા. એવું બને જ નહિ.' યશોદા પણ કહેવા લાગી.

'તમે છેવટે કૃષ્ણનો પક્ષ લીધો ખરો. માતા બાળકનો પક્ષ ના લે તો બીજા કોનો લે ?' શ્રીદામાએ કહ્યું.

'ના. એવું નથી.'યશોદાએ સત્વર સ્પષ્ટિકરણ કર્યું;'હું હમેશાં સત્યનો જ પક્ષ લેવા ટેવાયેલી છું. તમારા સૌની ફરિયાદને અનુસરીને મેં કૃષ્ણની ઝીણવટભરી તપાસ કરી, પરંતુ એ તપાસમાં તમારી ફરિયાદ સાચી ઠરે એવું કાંઇ જ ના મળ્યું. પછી શું કરું ? કૃષ્ણે ખરેખર માટી ખાધી હોય તો એનું મુખ માટીની અસર વિનાનું હોઇ શકે ખરું ? મને એના મુખમાં માટીનો લેશ પણ અંશ નથી દેખાતો; પછી એને દોષિત ગણીને દંડ દેવાનો વિચાર કેવી રીતે કરી શકું ? મારો કૃષ્ણ કદી માટી

ખાય એવો છે જ નહિ. તોપણ તમારા સૌના શબ્દોમાં વિશ્વાસ રાખીને મેં એને ઠપકો આપ્યો ને ધમકાવ્યો. હવેથી આવી ખોટી ફરિયાદ ના કરતા.'

'ખોટી ફરિયાદ ?'

'હા. ખોટી નહિ તો શું સાચી ?'

'ત્યારે તો કૃષ્ણે તમને કાંઈક જાદુ કર્યું. લાગે છે !'

'મને એણે કે બીજા કોઇ એ જાદુ નથી કર્યું.'

'તો પછી તમે આવું ઊલટું કેમ બોલો છો ? એમ એને અમારી સગી આંખે માટી ખાતો જોયો છે.'

'હા. અમારી સગી આંખે જોયો છે.' બીજા બાળકો બોલી ઊઠ્યા.

'શું ધૂળ જોયું છે ?' કૃષ્ણેકહ્યું; ' મેં માટી ખાધી જ નથી તો તમે ક્યાંથી જુઓ ? તમે જે જોયું છે તે સાચું નથી જોયું.'

કૃષ્ણ હસવા માંડ્યા.

બાળકો પણ હસવા લાગ્યા ને બોલ્યા :

'ત્યારે તો કૃષ્ણનો વિજય થયો.'

યશોદા બોલી :

'થાય જ ને ? સત્યનો હંમેશાં વિજય જ થાય છે. અને વધારે સારી રીતે કહું તો એમાં વિજયની વાત જ ક્યાં છે ? કૃષ્ણને માથે તમે ખોટું આળ ચઢાવેલું તે મટી ગયું. હવે ભવિષ્યમાં ભૂલેચૂકે પણ એવું આળ ના ચઢાવો.'

બાળકો ફરી વાર હસી પડ્યાં ને બોલ્યા :

'તમારા કૃષ્ણે તમને પૂરેપૂરું કામણ કર્યું લાગે છે !'

'શેનું કામણ ?'



'બીજા શેનું ? પોતાના પ્રેમનું. તે વિના તમારી આંખ આવી અંધ બને ખરી ?'

'મારી આંખ અંધ છે ?'

'હા. મોહાંધ છે, માટે તો તમને માટી ના દેખાઈ.'

યશોદા જરા સખત સ્વરમાં બોલી :

'બસ, હવે મારે વધારે નથી સાંભળવું.'

'તો પછી અમે આ ચાલ્યા.'

અને બાળકો દોડી ગયા. (ક્રમશઃ)

જીવનની સાચી દિશા બતાવે, જીવનમાં મુશ્કેલીઓ આવે ત્યારે આપણો માર્ગ અજવાળે, અનેક નિરાશાઓમાં પણ આશાનો સૂર સંભળાવે, દૃઢ મનોબળથી આગળ ને આગળ વધવા પ્રેરે, આત્મજ્ઞાનનું ગૌરવ વધારે એવા સાહિત્યની આપણે જરૂર છે. —યોગેશ્વરજી

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮

મોબાઈલ : ૯૮૨૪૭૦૪૦૯૭

**દીપક સી. મહેતા**

**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧